ઉત્થાન ગ્રંથાવલિ : સંખ્યા ૨

# મીરાં અને રાણો

( અધ્યાત્મસંવાદ )

KIRAN D. PATHAK

લેખક

**સ્વા. સ્વયંજ્યોતિ તીર્થ**

~~આજોલ : ઉત્તર ગુજરાત~~

મુક્તાનંદ, ભરૂચ

પ્રકાશક
સ્વા. સ્વયંજ્યોતિ તીર્થ
~~આજોલ~~ મુકતપુર
~~(ઉત્તર ગુજરાત)~~ ભરૂચ

મુદ્રક
કિશનસિંહ ચાવડા
ચેતના પ્રેસ લિ.,
નવા બજાર, વડોદરા

કિંમત ૦-૧૨-૦

દ્વિતીય આવૃત્તિ
પ્રત ૨૫૦

વિ. સં. ૨૦૦૯
ઈ. સ. ૧૯૫૩

---

ઉત્થાન કાર્યાલયનાં પુસ્તકો મળવાનાં સ્થાન :

(૧) ઉત્થાન કાર્યાલય; ~~આજોલ, ઉત્તર ગુજરાત~~ મુકતપુર, ભરૂચ

(૨) ~~ચેતના પ્રેસ લિ., નવા બજાર, વડોદરા.~~

(૩) ~~એન. એમ. ત્રિપાઠીની કું. બુકસેલર~~
~~પ્રિન્સેસ સ્ટ્રીટ, કાલબાદેવી, મુંબઈ ૨~~

☆

મહાગુજરાતનું અધ્યાત્મવિદ્યા વિષયક
એકમાત્ર સંસ્કારી માસિકપત્ર

# ઉત્થાન

તંત્રી : સ્વા. સ્વયંજ્યોતિ તીર્થ

~~પો. આજોલ~~, ઉત્તર ગુજરાત

વાર્ષિક લવાજમ રૂા. ૫-૮-૦ ટપાલખર્ચ સાથે

નમૂના અંકની કિંમત દસ આના ,, ,,

'ઉત્થાન'માં આત્મજ્ઞાનના ઉપદેશોની રહસ્યભરી ચર્ચા થાય છે. ઉપનિષદ્ અને ભગવદ્ગીતાનાં મંતવ્યોનું સંસ્કારી અને શુદ્ધ ભાષામાં વિવેચન કરાય છે. શ્રવણ-મનન તથા નિદિધ્યાસન માટેનાં સચોટ લખાણ દ્વારા આત્મસાક્ષાત્કારનો સીધો ઉપદેશ અપાય છે. વર્તમાન સમયના અટપટા જીવનમાં પણ આત્મભાવના જાગ્રત રાખે એવી દોરવણી આપનારા પત્રો છપાય છે. જિજ્ઞાસુ અને મુમુક્ષુ વર્ગને તો એ માર્ગદર્શક અને ભોમિયા જેવું થઈ પડયું છે. અધ્યાત્મજ્ઞાનની વાર્તાઓ, અનુભવીઓના આત્મપ્રસાદભર્યાં વર્ણનો, વિદ્વાન વિચારકોના લેખો તથા મુખ્યત્વે પ. સ્વા. રામતીર્થના જીવન લેખનને લક્ષ્યમાં રાખીને જ્ઞાનમાં ઉત્સાહ, ભક્તિમાં વિવેક અને કર્મમાં ભાવના જાગ્રત રહે એવી એની લેખસામગ્રી છે.

ગ્રાહક થવા માટે તથા લવાજમ મોકલવા માટે:—

(૧) ઉત્થાન કાર્યાલય, ~~પો. આજોલ~~ (ઉત્તર ગુજરાત)

~~(૨) પ્રબન્ધક—"ઉત્થાન," ચેતના પ્રેસ લિ., નવા બજાર, વડોદરા.~~

## ‘ઉત્થાન કાર્યાલય’નાં પ્રકાશનો :

### ૧. વેદાન્તસંજ્ઞાર્થસંગ્રહ : સંગ્રાહક : સ્વા. પ્રણવતીર્થ

વેદાન્તના અભ્યાસમાં વપરાતા અને ધાર્મિક પુસ્તકોના અભ્યાસમાં ઉપયોગી થઈ પડે એવા ૧૧૦૦ ઉપરાંત પારિભાષિક શબ્દોના સરળ અર્થ અને વિસ્તૃત વિવેચન આપતો ગુજરાતી ભાષાનો પહેલો અને એક માત્ર ગ્રંથ. મૂલ્ય રૂ. ૨—૦—૦

### ૨. સાધનઝાંખી : લેખક : શ્રી ર. ગૌ. બી.એ.

સાધકદશાનાં મનોમંથનનું રસમય વૃત્તાંત આપતું, અન્ય સાધકોને પણ ઉપયોગી થઈ પડે એવું નિત્યનોંધનું પુસ્તક. મૂલ્ય રૂ. ૨—૦—૦

### ૩. પરમામૃત : સંપાદક : સ્વા. સ્વયંજ્યોતિ તીર્થ

મહારાષ્ટ્રના આદિ કવિ ગણાતા યોગમૂર્તિ શ્રી મુકુન્દરાજ પ્રણીત મરાઠી ગ્રંથનું લેખકના જીવનચરિત સાથે ભાષાંતર. વેદાંતની સરળ સમજણ, તત્ત્વજ્ઞાનની વિસ્તૃત વ્યાખ્યા, વેદાંતની પ્રક્રિયાપૂર્ણ પદ્ધતિ તથા પ્રત્યેક પ્રકરણ ઉપર માર્ગદર્શન મનન હોવાથી અભ્યાસીને માર્ગદર્શક થઈ પડે એવું ઉપયોગી પુસ્તક.
મૂલ્ય રૂ. ૧—૪—૦

પ્રાપ્તિસ્થાન : ઉત્થાન કાર્યાલય
~~આજોલ, ઉત્તર ગુજરાત~~

# નિવેદન

(પહેલી આવૃત્તિનું)

ઈ. સ. ૧૯૧૨ના જુલાઈમાં આ સંવાદ સુરતના પાટીદાર આશ્રમમાંથી તે વખતે પ્રકટ થતા "પટેલબન્ધુ" માસિકપત્રમાં ઈ.સ. ૧૯૧૫-૧૬માં અધૂરો છપાયો અને એવો જ અધૂરો અમદાવાદના બુકસેલર શ્રી જીવણલાલ અમરસી મહેતાએ સંવાદમાલા નામના પુસ્તકમાં ઈ. સ. ૧૯૨૩માં છાપેલો, તે હવે પૂરો આવશ્યક સુધારા-વધારા સાથે જુદો છપાય છે.

શ્રા. સા. આશ્રમ
છોટાઉદેપુર
તા. ૧૬-૭-'૩૭

સ્વા. સ્વયંજ્યોતિ તીર્થ

# નિવેદન

## ( બીજી આવૃત્તિનું )

ઈ. સ. ૧૯૧૨માં ત્યાગનિમિત્તે પં. સ્વા. રામતીર્થને મનોભાવે સમર્પિત બનીને એમના પટ્ટશિષ્ય સ્વા. નારાયણતીર્થની છત્રછાયા નીચે સાધના કરવા તૈયારી બતાવી અને એમની યાત્રામાં સાથે રહેવા માટે દિલ્હીથી સીમલા, જુબ્બલ અને દહેરાદૂન સુધીના ત્રણેક માસના નિવાસ સમયે જે મનોભાવ હતા, તે આ લેખમાં આંકેલા છે. પર્વતીય પ્રદેશનું સૌંદર્ય ખૂબ ખૂબ ગમ્યું. ટેવ પ્રમાણે થોડાં કાવ્યો લખ્યાં. અવનવાં ખાનપાન, પગપાળા મુસાફરી અને તિતિક્ષાને અભાવે શરીરને મરણતોલ વ્યાધિ વળગ્યો. ત્યાગસંકલ્પ બળવાન હતો એટલે આરોગ્ય મળતાં પુનઃ દિલ્હીથી ઈ. સ. ૧૯૧૩માં ટિહરી પાસે રામમઠમાં જઈ ને રહ્યો.

દિલ્હીથી સીમલા ગયો તે વખતે ત્યાગવૈરાગ્ય અને સંન્યાસ-આશ્રમના ધર્માધર્મની વાસ્તવિકતા વિષે જબરું મનોમન્થન ચાલતું હતું. ઈશ્વરપરાયણ સન્તોની ત્યાગી જીવનલીલાનું વિવેકભર્યું – અલબત્ત એ વખતે જેટલાં સાનભાન હતાં તેટલું નિરીક્ષણ કરવાનું હતું. સ્વજીવનના સંયોગોનો ઉકેલ શોધવાનો હતો. નિર્વાણપન્થે મળતાં ક્યાંક, કશું અનુચિત તો નથી કરી બેસતો, એના ધર્માધર્મભાવ તપાસવાના હતા.

એ સમયે ભગવતી મીરાંના આંતરબાહ્ય જીવનનો અભ્યાસ ખૂબ ગમ્યો. સંસારશોભાથી વિરક્ત બનીને ત્યાગમૂર્તિ બનેલા ભર્તૃહરિના જીવનવૈરાગ્યમાં તત્ત્વાર્થીને માર્ગદર્શક થાય એવા સંદેશ મને મળતા.

ગૃહસ્થાશ્રમ, કર્તવ્યપાલન, કુટુંબસેવા, લોકસંગ્રહ વગેરેના અટપટા પ્રશ્નોનો ઉકેલ તો લાવવો જ જોઈએ ને ?! ભારતવર્ષના આર્થિક કે સામાજિક ક્ષેત્રોના જીવનવ્યવહારની સિદ્ધિનો વિજયધ્વજ ઊંચોનીચો થયા કર્યો છે, પણ ધર્મ અને મોક્ષના અલૌકિક જીવનક્ષેત્રમાં સૂર્ય-મંડળ સમા અવતારો, આચાર્યો અને સન્તમહન્તોએ જે પ્રકાશ પાથર્યો છે, લોકપરલોકના ખંડભેદ ભૂંસી નાખીને પરમતત્ત્વની પ્રાપ્તિ-ને જ એક અને અંતિમ ધ્યેય માન્યું છે, એ સદાસર્વથા સર્વોચ્ચ છે; પ્રત્યેક માનવને અધ્યાત્મપ્રગતિને પંથે પહોંચાડનારો એ છે અલૌકિક દીપકદંડ. જીવનપ્રતિભાનો એ અસંખ્યરશ્મિ જ્ઞાનભાસ્કર તો ભારતમાં સદોદિત અને સનાતન જ રહ્યો છે.

સન્તોના જીવનપ્રસંગોમાં મારી શ્રદ્ધા દૃઢ હતી. સન્તોએ ઘડી આંધી રાખેલો રાજમાર્ગ એટલે અધ્યાત્મસાધનાનો રાજયોગ. એમાં ક્યાંય ભૂલ નહિ; રોકટોક નહિ; વિઘ્નવિયોગ નહિ; પગલાં ભરો અને પ્રત્યેક પગલે પાવન થાઓ; આગળ વધો અને ઉન્નતિનાં શિખરબંધ મંદિરોમાં ક્રમે ક્રમે પ્રવેશ પામો. મારી એ શ્રદ્ધા અત્યારે તો વધી છે. એમણે શાસ્ત્રો જીવી જાણ્યાં છે; એ પોતે જ જીવતાં જાગતાં, હરતાં-ફરતાં, બોલતાંચાલતાં અનુભવના ઉદ્‌ગાર આપતાં સહજભાષી શાસ્ત્રો છે. પ્રસંગે પ્રસંગે પ્રેરણા પૂરે છે. ક્ષણે ક્ષણે શાશ્વત શાન્તિના સંદેશ પહોંચાડે છે; ડગલે ને પગલે આપણને વેગમાં મૂકીને અગમ્યને પંથે હંસગતિએ ઊડતાં શીખવે છે; અંધપંગુને કોઈ ઉપાડીને સ્વર્ગમાં પહોંચાડે અને દેખતોચાલતો કરી સુખી બનાવે; ઊંઘમાં સૂતેલાને કોઈ ખભે ઊંચકીને દિવ્યધામમાં પહોંચાડ્યા પછી જગાડીને અલૌકિક આનન્દભુક્ બનાવે એવા આ સન્તગુરુઓ છે. એમનો એક જ કૃપાકટાક્ષ એટલે જિજ્ઞાસુઓનાં અધ્યાત્મસાધન માટેના શ્રીગણેશ અને ઇતિશ્રી !

મને સન્તપથનો રાજમાર્ગ ગમ્યો; સન્તજીવનના દીપદંડો લઈ ને

હું ચાલવા મથતો હતો તે કાલે **મીરાં** અને **ભર્તૃહરિ**ની જીવનકલા મને ખૂબ જ ગમતી. સીમલા પહોંચ્યો અને ત્યાં આ સંવાદ લખાયો.

લોકમત છે કે ધર્મપતિ રાણાએ મોકલેલું સંસારવિષ ભગવતી મીરાંએ આત્મસુધા માનીને પીધું અને અમર બન્યાં, સંસારસર્પનો ભગવદ્‌કંઠ માટે અલૌકિક પુષ્પહાર બનાવીને સમર્પ્યો; દેશવિદેશની યાત્રા કરીને જીવગોસ્વામી જેવાઓને સ્ત્રીપુરુષના લિંગભેદ ભૂલાવ્યા; સંસારના રાગને ભગવદ્ અનુરાગ અને ત્યાગવૈરાગ્યને પ્રેમસુધા બનાવી-ને સંતસાધુના સંગે, રંગે, વેષે અને ધર્મકર્મે, ભગવાન કૃષ્ણચંદ્રના ઉત્તરઅવસ્થામાં દ્વારકાધામમાં એ સ્વરૂપસ્થ થયાં; એવાં તો અદૃશ્ય થયાં કે માયાકાયાનું નામશેષ પણ પાછળ ન રહ્યું. અપકીર્તિમાં કીર્તિ શોધી; સ્ત્રીશરીરમાં આત્મપૌરુષ ભર્યું; અને જ્યાં નથી સ્ત્રી કે નથી પુરુષ એવા પરમપુરુષ–પુરુષોત્તમ, પરમતત્ત્વમાં એકમેક થઈ ગયાં.

આ ઉજ્જવલ દૃષ્ટાન્ત તે સમયે માનસચક્ષુ સામે ખડું થતાં મને જીવનઆદર્શ ઘડવાના કોડ ઊગ્યા, અને ફલતઃ આ સંવાદ લખાયો. પૂર્વપુણ્ય, સંતકૃપા, ગુરુદયા અને અન્તર્યામી પરમાત્માની અસીમ અનુકમ્પાથી સન્માર્ગ સાંપડ્યો અને ખરે જ, અત્યારે એ બધાથી સંતુષ્ટ છું; એ સતત્ પ્રેમવર્ષા ચાલુ છે, એના સુધાપાનથી તૃપ્ત છું.

ઈ. સ. ૧૯૧૨માં આ સંવાદ લખાયો. ઈ. સ. ૧૯૩૭માં એમાં થોડો સુધારોવધારો થયો. છતાં મૂળભાવમાં કશું પરિવર્તન નથી થયું, અત્યારે તો માત્ર પહેલી આવૃત્તિનું પુનર્મુદ્રણ જ થયું છે.

તા. ૧૬–૧૨–૫૨
આજોલ
ઉત્તર ગુજરાત

**સ્વા. સ્વયંજ્યોતિ તીર્થ**
તંત્રી : 'ઉત્થાન'

# મીરાં અને રાણો

## ( એક અધ્યાત્મસંવાદ )

[ **સ્થળ :**—મીરાંનું પૂજામંદિર : **સમય :**—પ્રાતઃકાલની પૂજા. ]

રાણોઃ—( પૂજામન્દિરમાં પ્રવેશ કરતાં સ્વગત ) આ રાણી ! મેવાડની પ્રજાની પૂજ્ય વૈભવવતી આ મહારાણી ! અને આ જ આ રાણાની કુલકલંકિની પત્ની ! આ રાજ્યમાતા અને આ જ આ રાણાની સાધ્વી મનાતી સાધુડી ગૃહલક્ષ્મી ! ( પ્રત્યક્ષ ) રાણી ! રાણી ! કેમ નથી સંભળાતું કે શું ? કયાં ભાન છે ? લક્ષ જ નહિ જરાયે મારા પ્રતિ !

મીરાંઃ—( પૂજામાંથી અકસ્માત્ ઊંચે જોતાં ) અહો ! પધારો મહારાજ ! પધારો પ્રભુ ! જય શ્રીકૃષ્ણ ! જય ગિરિધારી ! જય કનૈયાલાલજી ! પધારો ભગવન્ ! આ તો મારા ક્હાનનું વૃન્દાવન છે. એ કૃષ્ણધામમાં આપ સરીખા વૈષ્ણવોની ચરણરજ પથરાય એ તો મારાં અહોભાગ્ય ! એ જ મારા પ્રેમપ્રભુનાં સેવાપ્રસાદ.

રાણોઃ—અરે રાણી ! એ કૃષ્ણ અને ગિરિધારીને મૂકી રાખ તારા મંદિરમાં થોડી વાર; શું રાત ને દહાડો તારે એ જ કામકાજ છે ? સૂતાંય કૃષ્ણ અને જાગતાંય કૃષ્ણ; બેસતાંઊઠતાં અને હરતાંફરતાં પણ એનું એ જ બકવાનું ? એણે જ તને ગાંડી બનાવી છે, એથી જ તારું ચિત્ત ભમે છે, વહાલી ! કારણ તો એ જ છે તારી ભ્રમણાનું; રાતદિન એ જ નિષ્પ્રયોજન ઉપાધિમાં

તારું મન અસ્વસ્થ અને અધીરું રહે છે; આમ આવ, આજ આપણે જરા પ્રેમાલાપ કરીએ, સંસારમાં સાર્થકતા શોધીએ; અને એ આનન્દના ઉપયોગ માટે જો આ મુક્તાવલિ હાર તારે માટે મેં ખરીદ્યો છે તે; કેવો સુન્દર છે ! તને ગમશે એ ?

**મીરાં**:—શું ? હાર લાવ્યા છો મહારાજ ? અને તે પણ મોતીઓનો, એમ કે ? અને એ શું મારે માટે ? મારા આ શરીરના શૃંગાર માટે ? અને પૂછો છો કે એ ગમશે કે નહિ ? પણ રાણાજી ! આ દેહને તો એવા હીરામોતીના હારથી શા માટે ભારે મારવો જોઈએ ? એનાથી શું એની શોભા વધારવી છે ? આ દેહની શોભા અને સૌંદર્ય તો રાણાજી, એના આન્તર-પ્રેમની શુદ્ધિ અને પરમ પ્રેમઘન શ્રીકૃષ્ણ પરમાત્માના મૂલ સ્વરૂપના અનુસન્ધાનમાં જ આરોપિત છે.

અને ગમવાની વાત તો શ્રીકૃષ્ણ જાણે. એ હાર પહેરવાનો પણ એને જ અધિકાર છે; હાર અને હારની અર્પણક્રિયામાં રહેલાં ભાવભક્તિની કિંમત એ માણીગર ખૂબ જાણે છે. પણ, હા; મારા કૃષ્ણને દુનિયાની કિંમતમાં કિંમત નથી. એને તો એ જ જોઈએ છીએ કે જેમાં એ નિત્ય છે, અને જે એનું શુદ્ધ, ચેતનઘન સ્વરૂપ છે. સમજ્યા રાણાજી હું શું કહેવા મથું છું તે ? એ તો, મહારાજ ! ભક્તિ, પ્રેમ, આનન્દ; આપણા વાસ્તવિક જીવનનો એ પરમાત્મસ્વરૂપમાં અવિચ્છિન્ન ઢળી પડતો પ્રાણપ્રવાહ; ભક્તિ, પ્રેમ અને આનન્દની શબ્દત્રિપુટિમાં રહેલો એક જ અગમ્ય અને અલૌકિક ભાવપદાર્થ.

અહા ! પણ આપ કેવા ચતુર છો ? અરે મારો કૃષ્ણ કેવો મર્મજ્ઞ છે ! એ તો ઘટઘટવ્યાપી છે; સર્વજ્ઞ અને સર્વવિદ્ છે. ઓ કૃષ્ણ ! ઓ પ્રાણ ! ઓ પ્રભુ !

**રાણો** :—શી મૂર્ખતા ? કેવી ઘેલછા ? આ તે શી લત રાણી ? તને કેટકેટલું કહેવું ? જેમ જેમ તને વધારે સમજાવું છું તેમ તેમ તું વધારે બેદરકાર બને છે. શું સમજાવવાથી તું નહિ જ માને ? આ શું રાણીના ઢંગ છે ? શુદ્ધિમાં રહે જરા. તું કોણ છે એનું ભાન રાખ. આમ બેભાન બની મૂર્ચ્છામાં શું બકે છે આવું ? જરા વિચાર કર. થોડી સાવધાનતા રાખ કે તારો પતિ, મેવાડનો **રાણો**, તારો પૂજનીય પ્રાણનાથ તારી સન્મુખ ઊભો છે. ઘેલછા શું કરે છે આવી ! !

**મીરાં**:—ઘેલછા છે આ કાં, **રાણાજી** ! મૂર્ચ્છા આવી હોય એમ કે ? આપને જે આ ઘેલછા, મૂર્ચ્છા અને મારી બેભાન દશા લાગે છે, એ તો **મીરાં**નાં ભક્તિ અને ઉન્માદ છે. **રાણાજી** ! એ તો **શ્રીકૃષ્ણ**નાં, એનાં **પરમપતિ**નાં, મારા **પ્રાણજીવન**નાં સેવા, સત્કાર અને સન્નિધિમાંથી સિદ્ધ થયેલી સમાધિદશાનાં લક્ષણો છે, **શ્રીકૃષ્ણ**નાં, **એના વૃન્દાવન**નાં, એ કનૈયાની રાસલીલામાં રમણ કરનારાં ગોપગોપીઓનાં તો આવાં જ ભાન અને આવાં જ ત્યાંનાં માનપાન. અહીં તો આવો ઊલટો જ સત્કાર છે. રાણાજી ! મેવાડના **તખ્તનશીન** ! ઓ **મહારાણા** ! **મીરાં**નાં ઘેલછા, મૂર્ચ્છા અને બેભાન જ **મીરાં**નાં વ્યવહાર અને આચારધર્મ છે. એનો તો એ જ દાસીધર્મ કે ગોપીધર્મ. એ તો એવી જ રાસઘેલી રાણી છે ! **રાજન્** !

ઓ **ભગવાન્** ! ઓ **પ્રભુ** !—અહો ! ઓ **રાણાજી** ! આ ચિત્ત આપને ભ્રમિત લાગે છે નહિ, વારુ ? મારા ઉન્માદને આપ બેભાન અને મૂર્ચ્છા સમજો છો, ખરું કે ? હશે; કાંઈ ચિન્તા નહિ; કારણ કે એવો ભ્રમ, એવો ઉન્માદ, એવાં ભાવભક્તિ તો **મીરાં**ને મનભાવતાં છે; એ જ એનાં ઊર્ધ્વગામી સૂત્ર છે. એવાં કોનાં અહોભાગ્ય હોય કે જેને

આવી ઘેલછા લાધે? જેને કનૈયાના કીર્તનનો સ્વર સંભળાય? એ રાસધારીના રાસનું તાન જેના રોમરોમમાં રમી રહે?

રાણો:—રાણી! દેવી! આ તારો ભ્રમ નથી તો બીજું શું કહેવાય? સાધુડીના વેશમાં રાણીની પદવીને તું કલંક નથી લગાડતી? દાસદાસીનાં સેવાસત્કાર અને ભોગશૃંગારના વૈભવ તારે તો માણવાં જોઈએ! એને બદલે સાધુડાની ટોળીઓમાં તું છૂટથી ભળાય અને તારા કૃષ્ણનાં, તારા એ છેલબટાઉ મનાતા ગિરિધારીનાં નિર્લજ ગાણાં ગાતી નાચે, કૂદે અને તંબૂરાના તાન સાથે કૂદે, એ તને, મેવાડની મહારાણીને છાજે બધું?

તને તો રાજવૈભવને દીપાવતી ને નિભાવતી દાસદાસી-ઓનાં સેવાશૃંગાર અને વૈભવના ઉપયોગ ભોગવતી જોવાને મેવાડની પ્રજા અને મેવાડનો રાણો ઉત્સુક છે; અને ખરી રીતે તને પણ એ જ છાજે, રાણી!

તારા આવા અવિચારી અને ઉદ્ધત આચરણથી મારે કેટકેટલું નીચું જોવું પડે છે! તારું, રાણીનું આ કર્તવ્ય છે? રાણીઓના આવા ધર્મ સાંભળ્યા કે જોયા છે કદી? હરકોઈ દેશની પ્રજા અને સંસારનાં સમગ્ર માનવી તો તને આ સુન્દર મહેલ અને એનો મોભો જાળવતી જોવાને જ ઇચ્છે. મેવાડની રાણી આમ સાધુડી જેવા કંગાલ વેશમાં વિચ્છિન્ન વસ્ત્રે અને નિરંકુશ ચિત્તે રમે, નાચે અને ગાય, એ મેવાડની ગાદીને થોડું કલંક છે? તું રાજ્યકીર્તિને ધૂળ નથી કરતી? મેવાડની ગાદીને એક મોટું લાંછન નથી બનતી?

મીરાં:—( ગંભીર બને છે; જીવનમાં જાણે ઊંડી આત્મજાગ્રતિ ઊઠતી હોય તેમ ) રાણાજી! ઠીક છે આપની વાતો બધી, પણ થોડા

ફેર. અને આવો દૃષ્ટિભેદ તો કાયમનો, જુગજૂનો છે, તે આ સંસાર રહેશે ત્યાં સુધી એમનો એમ સંસારીઓને માટે તો વણઉકેલ જ રહેવાનો.

રાજન્! પહેલાં આપણે વૈભવ અને એના ઉપભોગનો જરા વિચાર કરીએ. આપણા વિવેકની કસોટી પર એને કસી જોઈએ જરા. જેને આપ વૈભવ કહો છો અને જેનો ઉપભોગ ભોગવવાનું આપ મને સમજાવવા મથો છો, તે બધું શું છે ભલા? શી કીર્તિ જાળવવાની છે વારુ? શેને કલંક લાગવાનું છે, રાણાજી! વૈભવ, કીર્તિ, કલંક—એ બધાંની વાસ્તવિકતાનો આપે વિચાર કર્યો છે કદી સ્થિર ચિત્તથી જરાયે?

આવા હાર અને આપનાં દાસદાસીઓનાં ટોળાં એ બધું વૈભવવિલાસની સામગ્રી નહિ વારુ? એ દાસદાસીઓ, એ પરિચારિકાઓનાં વિલાસમગ્ન ટોળાં અને બધો દેહાદિક સજવાનો શૃંગારસમૂહ, એ ઉપભોગ એમ કે? રાણાજી! જરા વિચારશો કે જેને આપ વૈભવ માનો છો એ વૈભવ, એ વિભૂતિ ભોગવવાનો કોને અધિકાર છે? અને જરા સાંભળી લ્યો કે એ વૈભવ ભોગવવામાં તો પરિણામે કેટકેટલાં ગોથાં ખવરાવે છે મોહમયી મહામાયા તે!

અરે! ખાલી હાથે આ જગતમાં જન્મ ધારણ કરનાર માનવી, આ નિઃસાર સંસારના અનિત્ય પદાર્થોને આ નાશવન્ત શરીર પર ધારણ કરી મૂર્ખ મનને, ચંચલ ચિત્તને, બદ્ધ બુદ્ધિને, અંધ અહંકારને પ્રસન્ન રાખવા પરિશ્રમ કરે, એ વૈભવ કાં? વારુ, કહેશો કે એ ઉપભોગ ભોગવવાનો આ માયામુગ્ધ માનવીને શો અધિકાર છે? માયાની સત્તામાં ઉત્પન્ન થયેલાં આ મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારને

માયામાં ને માયામાં જ રચ્યાંપચ્યાં રાખી, અજ્ઞાનનાં કાર્યને અજ્ઞાનનું જ પોષણ આપી, જે સૂક્ષ્મતમ સર્વાતીત કૃષ્ણ-પરમાત્મા છે, તેનાથી દૂર અને દૂર રાખી, એ વાસ્તવિક આનન્દકન્દ રાસરમણના સ્વરૂપભાનથી વંચિત રાખી, આ અભાગી જીવને વધારે ને વધારે અનભિજ્ઞ બનાવી, એ જડરૂપ વૈભવના અંધકારમાં ગોથાં ખવડાવ્યા કરવાં એ વૈભવ ?

અથવા એ જ મન અને એના અવાન્તર સ્વરૂપ જેવા જીવને પરમ પ્રેમાસ્પદ કૃષ્ણચંદ્રનાં દર્શનજ્ઞાનનો આનન્દ અપાવી, એ સર્વેશ્વરના પ્રેમમાં ચિત્તવૃત્તિઓને પરોવી, એ ચૈતન્યમય બ્રહ્મસ્વરૂપ પ્રતિ એનો અપ્રતિહત પ્રવાહ વહેવડાવી, એ બધું એના ચરણસરોજમાં સમર્પણ કરવું એ વૈભવ ?

સમજાય છે કાંઈ, રાણાજી ? મીરાંને તો આવો વૈભવ અને સમર્પણરૂપી આવો ઉપભોગ છે. અહીં તો દાતાભોક્તા શ્રીકૃષ્ણ જ છે, તેમાં આપનાં દાસદાસીઓનાં ટોળાં અને હારઝવેરાતના શૃંગારને ક્યાં સ્થાન મળે વારુ ?

વળી અવિદ્યાના આશ્રયથી ઉત્પન્ન થયેલા આ જડરૂપ જીવાત્માને આ અનિત્ય વૈભવ માણવાનો કેટલો અધિકાર છે, એ પણ પ્રશ્ન છે. એ વૈભવ તો એ ચૈતન્યસ્વરૂપ જ માણે. મારું સમર્પણ શ્રીકૃષ્ણચંદ્રમાં છે, તેથી મારા વૈભવનું પણ એમાં જ સ્વાર્પણ છે; એનો જે વૈભવ, એ જ મારો વૈભવ; મારો વૈભવ એ એનો વૈભવ નહિ. એ સર્વ શક્તિમાન્ ભગવાનને જ વૈભવ ભોગવવાનો હક્ક છે, કારણ કે સમસ્ત ઐશ્વર્ય અને ભોગનું એ પોતે જ ઉદ્ગમસ્થાન છે; એ જ કેન્દ્ર છે. સમસ્ત આનન્દનો ત્યાંથી જ આવિર્ભાવ થાય છે. મારો તો એ વૈભવના વિચારમાત્રનો પણ હક્ક નથી. એ જે ભોગવે

છે, તે હું જ ભોગવું છું. અને આ સત્ય કે અસત્ય, અલ્પ કે મહાન્, સર્વ વિભૂતિ એનો જ વૈભવ નથી? “આપણો” “મારો” “આપનો” કે અન્ય “કોઈનો” એમ અધિકાર ક્યાંથી આવ્યો અને કોણે મેળવ્યો? अहं–ममत्वमां બાંધીને એને “મારો–મારો” માનનાર તો આપણે, એ વૈભવને વહોરવા અને ભોગવવા જતાં, કેવળ દુઃખના જ ડુંગર ઉપાડવાના, રાણાજી! એ સર્વ સત્તાધીશના અધિકારને ફસાવી પાડવાની મિથ્યા મહેનત કરનાર આપણે માનવી તે કોણ માત્ર વારુ? હું, આપ, એ બધાં શી ગણતરીમાં એ સમર્થની આગળ? જ્યાં જ્યાં મમત્વ બાંધશું, જ્યાં જ્યાં ભોગની પાછળ આ અન્તઃકરણને ઇંદ્રિયોની સાથે દોડવા દેશું, ત્યાં બધેથી, રાણાજી! દુઃખ જ નોતરી લેવાનાં. આપણે તો એનાં રમકડાં, કેવલ નિમિત્ત માત્ર; બ્રહ્માંડના આ શુભાશુભના, દૈવી-આસુરી સંપદ્‌ના, રાગ અને ત્યાગના, ધર્મ અને અધર્મના, પુણ્ય અને પાપના, જ્ઞાન અને અજ્ઞાનના જે બે મહાન્ પ્રવાહ વહે છે; શુદ્ધ અને મલિન ભવસાગરના બે પ્રચંડ ધોધ વહે છે; એ સમસ્ત જીવાત્માના બે રાજમાર્ગ છે. એકમાં ઘસડાઈને નીચે અને નીચે, સંસારને છેલ્લે પાતાળ ઢૂંઢાતા જવું; અને બીજામાં શુદ્ધિ અને શક્તિ પામતાં પામતાં ઊંચે અને ઉન્નતિમાં પરમાત્માને શરણે પહોંચવાનું.

આપણું કર્તવ્ય, આપણો ધર્મ, આપણી બુદ્ધિપરીક્ષા અને વિવેકનિષ્ઠા તો, એ દ્વંદ્વમાંથી, શુભના પ્રવાહે જીવન-નૌકાને વહેવરાવવામાં છે, કે જ્યાં એ નટવર જાતે જ કર્ણધાર બને છે. શુભ એટલે જ ત્યાગ; ધર્મ, પુણ્ય એ બધું શુભમાર્ગનું પ્રયાણ, અને શુદ્ધ તત્ત્વનું અનુસંધાન: એ દૈવી સંપદ્‌ને માર્ગે, રાણાજી! આવા ક્ષુદ્ર, મલિન, સ્વાર્થી અને પાર્થિવ ભોગ-

વિલાસનો વિચાર કરવાનો પણ ન હોય. ત્યાં તો સંયમ અને શીલનાં અનુસંધાન; ત્યાગનો જ વૈભવ, વૈરાગ્યનો જ આનંદ, સેવાનો જ સહચાર અને સત્ત્વગુણની વૃદ્ધિમાંથી ધોવાતા અંતઃકરણના દર્પણમાં અન્તર્યામી શ્રીકૃષ્ણચન્દ્રનાં દર્શન. સત્ત્વ એ જ સુખ અને સુખ એટલે જ નિરામય આત્મનિવેદન. મારો કૃષ્ણ તો એ શુભપ્રવાહનો અખૂટ, અલૌકિક પ્રેમસાગર; એમાંથી આપણો આવિર્ભાવ, એટલે હવે એ જ ઊર્ધ્વમાર્ગે આપણે પાછાં ફરીને વિલીન થઈએ, એ આપણું માનવદેહનું પરમશ્રેયસ્કર પુણ્ય અને કર્તવ્ય.

રાણાજી! આવો આપણે હવે તો આ અહંમમત્વને ભૂલીએ, ભોગવિલાસને એને યોગ્ય સ્થાને સમર્પીએ, અને લાવો એ હાર મારા કનૈયાને કંઠે પહેરાવીએ.

બીજી એક વાત, રાજન્! ત્યાગીને જ વૈભવી બનવાનો અધિકાર છે, એ આપ ખૂબ લક્ષમાં રાખજો; અને વૈભવ એટલે તો આ નાનકડા શરીર પર સમસ્ત વિશ્વનું ઐશ્વર્ય ખડકવું એમ નહીં, પણ વૈભવ તો એ જ કે, રાણાજી! સમસ્ત વિશ્વનું ઐશ્વર્ય જે અવ્યવસ્થિત હોય, અસ્તવ્યસ્ત લાગતું હોય, જેમ તેમ વહેંચાયું જણાતું હોય, કોઈ એને એક જ શરીર કે વ્યક્તિનો અધિકાર સમજીને ઉપભોગમાં ખરચીને અશુભમાં પ્રયાણ કરતું હોય, ત્યારે કોઈ અન્ય બિચારું અશક્તિ અને અણઆવડતને લીધે એનો યથાર્થ ઉપભોગ તો શું, ઉપયોગ પણ ન કરી શકતું હોય, તો એ બધા વસ્તુવ્યવહારને વ્યવસ્થિત કરવો; અને જેને જ્યાં યોગ્ય હોય ત્યાં એવી રીતે વહેંચવું કે એનો ઉપયોગ કરી, એ પરમાત્માનું છે એવું જ્ઞાન સતત્ સૌને જાગ્રત રહે. વૈભવની તો આવી વ્યાખ્યા થાય; રાણાજી! જુઓ ઐશ્વર્યના

મહાભંડારસમા શ્રી કૃષ્ણચંદ્રે દુર્યોધન અને જરાસંધ જેવા ઐશ્વર્યને એક જ વ્યક્તિના અધિકારનો માની, એક જ શરીર, કે એક જ પ્રદેશમાં ખડકી રાખનાર પાસેથી યેનકેન પ્રકારે પ્રાપ્ત કરી, સમસ્ત જગત્‌ને, એના યોગ્ય અધિકારીઓને વહેંચી આપ્યું, અને પોતે તો ત્યાગમૂર્તિ સમા એક સામાન્ય નૃપતિનું ભરતખંડના એક નિવૃત્તિપરાયણ ખંડકોણમાં સાદું, સુઘડ અને અધ્યાત્મજીવન ગાળી સૌને સમાનતાનો પાઠ શીખવ્યો. समत्वं योग उच्यते—એ જ એમની ગાયેલી, ભગવદ્‌-ગીતાની યુક્તિપ્રધાન સમકક્ષ વૃત્તિ. એમણે તો સૌને એક દૃષ્ટિથી જોયા, સુદામા જેવા રંકના બેલી બન્યા મિત્રવત્સલ ગોપમંડળના સુહૃદ્‌, પ્રેમઘેલી ગોપીઓના પ્રાણધન, વીર અર્જુનના સખા અને સદ્‌ગુરુ, વિરક્ત ઉદ્ધવજીના બ્રહ્મનિષ્ઠ આચાર્ય અને દ્રૌપદી જેવાં આર્તના આધાર બનીને જગતમાં એવી શાશ્વત વ્યવસ્થા મૂકી ગયા, કે એમનાં સ્મરણ, એમના નિમિત્તની સેવા અને એમના ભક્તોના સત્સંગમાં એમનાં દર્શન કરીને જ મારા જેવાં રંકનાં જીવન પ્રોજ્જ્વલ થાય છે.

રાણાજી ! આમ ત્યાગી જ વૈભવી છે, અને ઇતિહાસ એની સાક્ષી પૂરે છે; ભગવાન્ રામચંદ્રજી, એમના પૂર્વજ હરિશ્ચંદ્રજી, સમસ્ત પાંડવકુલ અને પ્રાચીન ગૌરવભંડાર ઋષિ-સમૂહ, એ બધાનો વૈભવ એટલે એમનો મહાત્યાગ. પરમકૃપાળુ શ્રીકૃષ્ણચંદ્રે આખા વિશ્વના સુખમાં, સમસ્ત જનતાના ભોગમાં પોતાનો ઉપભોગ ભોગવ્યો; સૌના સુખમાં પોતાનું સુખ જોયું, અને એમના વૈભવમાં પોતાનો વૈભવ માણ્યો; આમ આકિંચનત્વ એ જ સર્વસ્વપ્રાપ્તિ છે. અજ્ઞાનના અંધકારમાં ભાસમાન થતાં જડતાનાં પડ એક પછી એક ઊખડતાં જાય, મમતાનો મોહ બળતા કપૂરની પેઠે ઊડી પડે,

ત્યારે પાછળથી પરમચિન ચૈતન્યનો પ્રકાશ પડે; એની ઝાંખી થાય; જ્ઞાનનું અજવાળું અન્તરમાં પ્રકટે અને આવી ઝીણવટ બુદ્ધિમાં ખીલે.

સાધારણ વ્યવહારની દૃષ્ટિથી વિચાર કરી જોતાં પણ એમ જ સમજાય છે કે જે સર્વશક્તિમતી સત્તાની કૃપાથી આપણને જે કાંઈ પ્રાપ્ત થયું છે, તેનો જ્યાં સુધી આપણે ત્યાગ ન કરીએ, એ સમસ્ત પદાર્થો પરથી આપણું મમત્વ ખેંચીને, એ બધાને પૂર્ણબ્રહ્મ પરમાત્માની સેવામાં ન ધરીએ, ત્યાં સુધી એ પ્રસાદ આપણને ક્યાંથી મળે વારુ? એનો વિશુદ્ધ, સાત્ત્વિક આનંદ આપણને ક્યાંથી પ્રાપ્ત થાય? નિત્ય પ્રતિ ભગવાનની પૂજાશુશ્રૂષામાં ભોજનસામગ્રીનો થાળ ધરાવી, એને પ્રસાદ માની, પરમાત્માની એ પ્રસન્નતા મેળવવાની પ્રણાલિકા પણ ઋષિઓએ એટલા માટે જ ગોઠવેલી, ભગવન્!

પરમાત્માનો આનન્દ, ભગવાનનો પ્રસાદ, પ્રભુની કૃપા એટલે તો સાત્ત્વિક ત્યાગ, અને એ સાત્ત્વિક ત્યાગ એટલે જ શુભપંથે પ્રયાણ.

આમ આત્મસમર્પણ દ્વારા, સાત્ત્વિક ત્યાગ દ્વારા એ પ્રેમરૂપ શ્રીકૃષ્ણચંદ્રનાં સ્વરૂપ અને સત્તા સમજીએ, અન્તરમાં એ વૈભવના ઉપયોગનું રહસ્ય ઉતારીએ, અને જીવન એટલે જડતામાં જકડાવું નહિ, પણ ज्योतिषांज्योति પરબ્રહ્મને પંથે પડવું, એવું લક્ષ્ય રાખીને એ પ્રાણધન પરમાત્મા પાસેથી આત્મલગ્નના વિનિમયમાં, एकमेवाहमूमां અભેદભાવે જ્યાં સુધી પાછું ન મેળવીએ, ત્યાં સુધી આ બ્રહ્માંડનો એક પણ કણ આપણને ઉપભોગ કે ઉપયોગમાં લેવાનો અધિકાર

નથી. આમ ન થાય ત્યાં સુધી તો આપણે ચોર અને પારકી વસ્તુને ફસાવી લેનાર લૂંટારા જ છીએ; અને એને પરિણામે વૈભવને બદલે વિષાદ તથા વિમોહ અને ઉપભોગને સ્થાને ઉદ્વેગ અને ઉત્પાત જ વહોરી લેવાનાં.

એ સર્વેશ્વર તો સદા સર્વથા નિર્લેપ જ છે, નિર્મોહી છે અને તેથી એ જ વાસ્તવિક ત્યાગી અને સંપૂર્ણ વૈભવી છે. આપણે તો સામાન્ય માનવપ્રાણી એટલે સર્વસ્વભાવે એનાં; તે જ્યાં સુધી એ–મય ન બનીએ ત્યાં સુધી એવા વૈભવ ભોગવવાનો કે સ્વીકારવાનો અધિકાર જ મેળવ્યો કહેવાય નહીં. હમણાં તો, રાણાજી! લાવો એ હાર પરમારાધ્ય શ્રીકૃષ્ણચંદ્રની ત્યાગપ્રતિમાને પહેરાવી આપણે એ વૈભવ પરની આપણી મમતા વિસરવાનો પરિશ્રમ અને પશ્ચાત્તાપ કરીએ; અને શીખીએ કે, હે પ્રભો! આ અત્યારસુધી મેં જે મારું મારું કરી રાખ્યું હતું, એ વાસ્તવિક તારું જ હતું ને છે, માટે હવે એનો સ્વીકાર કરી મને સદાને માટે મુક્ત કર મારા એ વિષયી મોહમમત્વમાંથી.

આપને નથી લાગતું, રાણાજી! કે જગતનાં ભોળાં, અબૂજ બિચારાં માનવી નિત્ય વસ્તુનો ત્યાગ કરી, જ્ઞાનમાં બેદરકાર બની અનિત્યની પ્રાપ્તિમાં મથે છે, મરે છે, અંધારમાં અથડાય છે; અજ્ઞાનમાં જ ગોથાં ખાય છે, ઝાંઝવાનાં જળ પાછળ મૃગ દોડે તેમ, આ પદાર્થોના મોહ અને પ્રાપ્તિમાં મિથ્યા દોડધામ કરે છે, શક્તિ અને સમયને વૃથા નષ્ટ કરે છે! વસ્તુતઃ તેમને પેલાં હરિણની પેઠે તૃષા છે, પણ એ તૃષાનું જળ ક્યાં છે અને આ દેખાય છે તે જળ નથી, એવું ભાન નથી. કારણ તો એ છે કે તેમને તૃષાની તૃપ્તિ–વસ્તુનું, સત્ય પદાર્થનું જ્ઞાન નથી; સત્ય વસ્તુ ક્યાં છે એનું

ભાન નથી. એમને સુખ જોઈએ છીએ, પરન્તુ એ તૃષાને, એ વાસનાને તો શ્રીકૃષ્ણ પ્રેમવારિધિનો સુંદર તટવિહાર જોઈએ કે જ્યાં એમને એ અમૃતપાનથી નિત્યતૃપ્તિ થાય, શાશ્વત શાંતિ મળે. નિરંકુશ તૃપ્તિ, પરમાનંદની પ્રાપ્તિ, અજ્ઞાનનો નાશ, બંધનથી મુક્તિ, ભવસાગરથી પાર ઊતરવું તે આનું નામ.

પણ એ બિચારાં તો દિનપ્રતિદિન અનિત્ય પદાર્થ પ્રતિ ઘસડાતાં જાય છે; એક વસ્તુનાં નામરૂપ પર પ્રથમ આસક્ત થઈને, પતંગની માફક એ નામરૂપના મિથ્યા દીપકની જ્યોતમાં બળી મરે છે, એમાં ચિત્ત ચોંટાડે છે, એમાં મમત્વ બાંધે છે; પણ માયાના પ્રભાવ અને સ્વભાવ અનુસાર એકનાં નામરૂપ બદલાતાં બીજી વસ્તુની પાછળ પડે છેઃ માયાના વિકારી પ્રદેશમાં કાલ ભગવાન્ નામરૂપના પલટા પાડે છે. પદાર્થોના નામરૂપના વિકાર સાથે એમની વાસનાની વસ્તુઓ બદલાતી જાય છે. એકની અપ્રાપ્તિ અને એમાંથી થતા દુઃખના અનુભવે બીજીને શોધે છે; આમ એ ઘટમાળમાં ઘસડાતાં ઘસડાતાં સર્વત્ર નિરાશાના નિઃશ્વાસ પામે છે; આનું નામ નિરાશાની પરંપરા, જગતની ઘટમાળ, સંસાર દુઃખનો સાગર છે, શરીર એટલે જ ઉપાધિઓનો ભંડાર છે, જન્મમરણ ત્રિવિધ તાપથી અને દ્વંદ્વથી ખરડાએલાં છે, એવો આભાસ અને અનુભવ થવાનું કારણ તો આ જ છે એમાં.

હવે ત્યારે આટલી ભાંજગડ પછી સ્વીકાર્ય વસ્તુ કઈ, મહારાજ? નિત્ય કે અનિત્ય? થોડાં પાંચ, પંદર, પચીસ, પચાસ, કે હદમાં હદ સોબસો વર્ષના આ કર્મોપાર્જિત દેહની ખાતર નિત્યવસ્તુ એ પરમધન પરમાત્મા પરમદૈવત શ્રીકૃષ્ણચંદ્ર અન્તર્યામીને અનિત્ય સમજી, એને વિસારી મૂકી,

આ જન્મમરણશીલ શરીરને નિત્ય માની, ક્ષણેક્ષણે બદલાતા આ સંસારની સ્થિરતા અને નિત્યતા સ્વીકારી એમાં રચ્યા-પચ્યા રહેવું; એમાં કયું સ્વીકારવા જેવું અને કયું ત્યાગવા જેવું ? અધોગતિ તો એના મોહમમત્વ અને ઉપભોગમાં જ, મહારાજ !

આ જ અજ્ઞાનની પરાકાષ્ઠા, એ જ લખચોરાસીનો ફેરો; એ જ ભવાટવીનું ભ્રમણ, મનનો ભ્રમ, ચિત્તની ચંચલતા, અહંકાર, દેહાધ્યાસ. એ સૌ એ જ અજ્ઞાનનાં સ્વરૂપ; આપ કહો છો એ ભ્રમણા તો આવી હોય ! એનું નામ મૂર્છા કહીએ તો ખોટું નથી. આપનાં ઘેલછા અને મૂર્છાનો તો આવો અર્થ સમજાય છે મને તો. આપને ઊતરે છે ગળે કાંઈ આમાંથી ?

વળી આ મારાં સાધુડાં ! સંસારના પાપથી છૂટા થયેલાં, મોહનાદથી મોકળાં બનેલાં, પ્રપંચ અને કાવાદાવાથી વિરક્તિ ભોગવતાં, શ્રીકૃષ્ણની પ્રાણાકર્ષક મધુરી વાંસળીમાં ધ્યાનસ્થ, વૈભવી જગતની દૃષ્ટિમાં નિર્ધન, પણ મારા કનૈયાનાં પ્રેમપાત્ર, એ અખૂટ પ્રેમધનના ભંડારીઓનો સત્સંગ અને સહવાસ તો અમારો વૈષ્ણવોનો રસભીનો સંસાર છે. એમાં તો મારા શ્રીકૃષ્ણનું વિશ્વરૂપ વિરાટ દર્શન પામું છું હું. એ મારા ભક્તિમય વૃન્દાવનની વસ્તી, એ અમારું ગોપીઓનું પ્રેમ-પિપાસુ ભક્તમંડળ.

રાણોઃ—**મીરાં! રાણી !** શી આ ઉપદેશની સમજાવટ ઉકેલી છે તેં !! મારે તો એવું કશું સમજવું કે ગળે ઉતારવું બાકી નથી; હવે તો તારે સમજવાનું છે બધું. આટઆટલી ધીરજથી તારાં પંડિતાઈનાં વ્યાખ્યાન સાંભળવા હું અહીં નથી આવ્યો;

જો સાંભળ. મારી સમજણુ તો આવી છે કે વ્યવહારની વ્યવસ્થિત અવસ્થા નભી રહે, અને તું કહે છે એવા ભક્તિ-રસનું પાન પણુ થાય, એવી સરલ અને સીધી વાટ બતાવું છું હું તને તો. સંસારનાં આપણા જે સંબંધો છે, એ દૃષ્ટિએ સંસારમાં સંસારી થવું ને રહેવું, એ જ આપણો ધર્મ. બાકી બધા મનોમુખી અધર્મ, એમ હું તો માનું છું. સમાજના બંધારણુને સાચવી, કર્તવ્યોને નિભાવી, સંબંધોને સુધારી, ધીરે ધીરે આશ્રમવ્યવસ્થાને ઘટાવીને સાધન કરવું એ જ ધર્મ. બાકી તો આ બધી અવ્યવસ્થા વધારનારા અધર્મો અને ઉચ્છૃંખલતા. પહેલાં તમે તમારી આ જીવનમાં મળેલ સ્થિતિ તો સુધારો; એમાં સાવધાનતા રાખતાં તો શીખો.

**મીરાં:**—શું સ્થિતિ, કઈ સ્થિતિ? મહારાજ! સ્થિતિ તો આ બગડી છે તેને સુધારવી એ જ હવે તો આપણો ધર્મ. અને આપ તો સંસારના ચાલુ જણાતા ચીલાની વાત કરતા હશો એમ કે?! સાંભળો મહારાજ! આપને આ મારી પંડિતાઈ લાગશે, પણ શો ઇલાજ બીજો આપને સમજાવવાનો હોય ત્યારે? અજ્ઞાનના મોહપાશમાં ફસાઈ પડેલા જીવની આ પામર સ્થિતિ આપ સૂચવતા હશો, નહિ વારુ? પણ રાજન્, એવી સ્થિતિને કાયમ કરવી, એટલે તો સાંસારિક જંજાળને નિભાવી રાખવી કે વધારે ફેલાવવી, અને દુઃખશોકભર્યો ભાર ઉપાડ્યા કરવો; એ તો બગડેલી, સડેલી, વિકારી સ્થિતિનું સાચવી રાખવું છે, નહિ કે સુધારવું; વિકારની, અજ્ઞાનની, જન્મમરણુની પરમ્પરાની, કાયાકલેશના કંકાસની, સંસારવાયુના ઝપાટાની, પ્રેયપદાર્થોના મોહપાશની અને જીવના કંગાલપણાની સ્થિરતા છે એ તો. એમાં સુધારવાની વાત જ ક્યાં બંધ બેસે એવી છે? માયાના પ્રદેશ પ્રતિ મોહના પ્રલોભનોભર્યું જે વલણુ

થયું છે, જેને લીધે દેહવિકાર પ્રાપ્ત થયો છે, જે અજ્ઞાનના બલને લીધે સર્વત્ર " મારું મારું " ભાસમાન થાય છે, અને જ્યાં ત્યાં ક્લેશભર્યા ભોગની લાલસામાં લિપ્ત થવાનાં પ્રલોભનો વધતાં જાય છે, એ વિકારનો સમૂળો નાશ કરવો, એટલે જ વિકૃતિને સુકૃતિ બનાવવી અને મૂલસ્વરૂપ શ્રીકૃષ્ણચંદ્રમાં તદાકાર થવું, એનું નામ સુધારણા. આમ ભ્રમની વાત, તેમ જ ખોટી પંડિતાઈની વાત તો આપ જ કરો છો, રાણાજી !

વળી આપ તો સમજાવવા મથો છો કે સંસારમાં સંસારી થવું એ જ ધર્મ; બાકી બીજા બધા અધર્મ. રાણાજી, અમારા સંસારી ધર્મોની, અમારાં વાસના અને કર્મની તો સંપૂર્તિ થઈ ચૂકેલી. જન્મોની પરમ્પરાના પરિણામે જ્યારે એ કર્મમાર્ગના ધર્મોની, આ સંસારના રગડામાં રડારોળ કરવાના કૂડા કર્મજંજાળની સંપૂર્તિ થાય છે, અથવા તો જન્મોની પરમ્પરા આપનાર કર્મમાર્ગ લૌકિક કે પારલૌકિક સુખોનાં સાધન કરી આપી, સકામભાવે ઉપરામતા અને નિષ્કામભાવે અંતઃકરણની શુદ્ધિ બહુધા આપી ચૂકે છે, ત્યારે જ એ વિશુદ્ધ સંસ્કારના પ્રારબ્ધથી કોઈ જન્મમાં હૃદયની આવી વિરક્ત અવસ્થા પ્રાપ્ત થાય છે. અમારી તો સદ્ભાગ્યે પ્રાપ્ત થતી આવી કર્માતીત અવસ્થા, આપ માનો છો એવી સંસારના અસંતોષવાળી કર્મહીન, અધર્મપરાયણ કે અકર્મણ્ય અવસ્થા નહીં. અમે તો કર્મક્ષેત્રને પાર પહોંચેલાં; દ્વંદ્વોનાં યુદ્ધમંડાણ ન જોઈએ હવે તો અમારે. એ કર્મમાર્ગ એટલે જ યુદ્ધક્ષેત્ર; જ્યાં જ્યાં કર્મ ત્યાં ત્યાં યુદ્ધ; જ્યાં જ્યાં યુદ્ધ ત્યાં ત્યાં દ્વંદ્વસમૂહનાં સમવિષમ પરિણામો. બ્રહ્માંડની ત્રિગુણાત્મક રચના એટલે કર્મક્ષેત્રની રણભૂમિ. એમાં તો નિત્ય, યુદ્ધ અને આશાનિરાશાના ચક્રમાં પીસાવાનું; પરંતુ

અમારી સ્થિતિ તો શાંતિની; અમે એ ત્રિવિધ અવસ્થાની પાર પહોંચેલાં, તુરિયાવસ્થાનો અનુભવ શોધનારાં સમાધિપ્રિય યોગીલોક. અમારાં ભક્તિભાજનનાં જીવનનો તો આવો સંસારીઓથી વિપરીત ક્રમ છે, રાણાજી !

વળી આપ ધર્મને અનેક માનો છો કેમ ? ધર્મની આપ કેવી વ્યાખ્યા સમજો છો ? **મીરાંને** મન તો ધર્મ એટલે પરમાત્માનું શરણ ગ્રહણ કરવું; અને જીવાત્માનો તો એક જ મુખ્ય ધર્મ છે કે દેહાધ્યાસનો મનોવાસના સાથે ક્ષય અને મૂલ સ્વરૂપ **શ્રીકૃષ્ણચંદ્રનો** સાક્ષાત્કાર; એના સ્વરૂપની પ્રાપ્તિ. એ સિવાયના બીજા બધા ધર્મો સાંસારિક, પણ આ મુખ્ય ધર્મ નહિ. વ્યવહારના ધર્મનો પરમ લક્ષ્યપ્રાપ્તિના ધર્મ સાથે જ કેવલ સંબંધ બાંધીએ, એટલે તો પરમધર્મને પણ સાંસારિકતા-નો પાશ લાગે; અને આ સાંસારિક ધર્મો કે ધારાધોરણોની નિત્યતા શી ? એ ધર્મો તો સાંસારિક કર્મો, કર્તવ્યો અને ફરજો કહેવાય. જ્યાં જ્યાં કર્તવ્યબુદ્ધિ છે, ત્યાં ત્યાં ફલાસક્તિ અને બંધન હોય જ. ધર્મ અને કર્તવ્યનું અંતર આમ વિચારવા જેવું છે; ધર્મમાં નિષ્કામતા છે, કર્તવ્યમાં સકામ ભાવના છે. ધર્મ મૂલસ્વરૂપ ધારણ કરાવનાર સત્પથગામી અને રહસ્યસૂચક આજ્ઞાતંત્ર છે; એ તો પ્રત્યેક જીવાત્માને બંધવિમોચન કરવાનો અંતર્યામીનો પવિત્ર અને અનિવાર્ય આદેશમંત્ર છે. અને કર્તવ્ય એટલે તો કરવું જ જોઈએ, એવું ફલને લક્ષ્યમાં રાખીને કરવું પડતું કર્મ છે. સ્પષ્ટ કહીએ તો એ બધાં સામાજિક દેહચર્યાનાં વિધાનો છે.

સાંસારિક ધર્મોનું બંધારણ માનવબુદ્ધિમાંથી જન્મ્યું અને સમાજના વિશિષ્ટ નરોએ બાંધ્યું એટલે તેમાં ક્રમિક ઉન્નતિને લક્ષમાં રાખી અધિકારભેદે ધર્મવિભાગ પડ્યા;

એનું સંસારના નિયમોનું પાલન હવે અમારે ન હોય, રાણાજી! એ તો બધું અમે સંસારીઓને સોંપ્યું. અમારે તો એક જ લક્ષ્ય અને એક જ ધર્મ, અમે તો પ્રભુનાં બાલકો અને એની પાસે દોડી જવાનો પ્રયત્ન કરનારાં, સ્વદેશ જનારાં, ઉતાવળીઆં, લાડીલાં અને પ્રેમઘેલાં બનીને એનું વાત્સલ્ય શોધનારાં ગોપગોપીઓ. અમારો ધર્મ એટલે શક્તિ, લીલછા, ઉન્માદ અને આનન્દ.

ધર્મ તો એક છે; કર્તવ્ય કદાચ અનેક હશે. ધર્મનો આત્મા સાથે સંબંધ છે, ત્યારે જેને આપ કર્મ કહો છો, અને કર્મ–ધર્મ માનો છો, એવી કર્તવ્યશૃંખલાનો તો સંસાર સાથે જ કેવલ સંબંધ છે, તેથી સ્વાભાવિક ભાવના સાથે એનો અંત આવે છે. પછી તે સંસાર એટલે આ લોક કે અન્ય લોક; પણ લૌકિક ફલ વિના એનો બીજો ઉદ્દેશ નથી. એનો ઇતિહાસ, સંસારીઓનાં કર્મની ભાવના, કર્મનું રહસ્ય, ધર્મનું ગૌરવ, ભક્તજીવનની કલાપરીક્ષા અને સત્યની જિજ્ઞાસામાં આવશ્યક ગણાતી કર્મપરમ્પરા, એ બધું બહુ ગૂઢ છે. પ્રિયતમની પૂજા, પ્રાણકૃષ્ણનાં નવધા ભક્તરૂપે સેવાસખ્યભાવ, સમર્પણ અને સાક્ષાત્કાર, એ જ ભક્તિનું કર્મકાંડ છે; એ જ એની દિનચર્યા કે જીવનચર્યા છે, એ જ ધર્મકર્મનો અભેદ છે. દેહીના ધર્મની જાગ્રતિ થતાં દેહના ધર્મનું વિસ્મરણ સહેજે થાય છે; અને એ આત્મપ્રકાશની પાસે ક્ષુદ્ર ચિંતારૂપી કર્મની અંધારઓઢણી દૂર થઈ જાય છે.

આમ ધર્મ એ કર્તવ્ય બને છે; પણ કર્તવ્ય કદી ધર્મનું એકલક્ષી સ્વરૂપ ધારણ કરી શકતું નથી. અમે તો ધર્મશીલ; માત્ર કર્તવ્યશીલ નહિ. કર્તવ્ય તો અમે બજાવી ચૂક્યાં. કર્તવ્યપ્રાપ્તિ અને પદાર્થજિજ્ઞાસાનો અવધિ થઈ ચૂક્યો હવે.

વસ્તુઓના ઉપભોગ બહુ માણ્યા; થાક્યાં એ વિલાસનાં, લોકપરલોક અને સ્વર્ગનાં સુખનાં સામ્રાજ્ય નિરખી; પૂરી થઈ અમારી સંસારપરિક્રમા. સુખના અન્ત દુ:ખમાં જોયા, અને વાવવું તે લણવું એવાં દ્વંદ્વોની પરાકાષ્ઠાએ વિરાગ વ્યાપ્યો. અમારા રોમરોમમાં, અમારે તો હવે ધર્મની સાધના સાધવી, અને એ જ અમારાં કર્તવ્ય, એ જ અમારી સેવા, એ જ અમારો સંસારધર્મ.

ધર્મિષ્ઠને કે ભક્તને ધર્મો, કર્તવ્યો, ફરજો, કર્મો નહિ, પણ માત્ર **ધર્મ** જ હોય છે, અને એને જ એ કર્મ માને છે. એક જ કર્તવ્ય માત્ર એને માટે અવશેષ રહ્યું હોય છે. અત્યાર સુધી તો માયાની મોહજાળમાં સુખ પામવાનાં વલખાં હતાં, એ તૃષ્ણામાં તણાતાં તણાતાં આપ જેને સંસાર અને વ્યવહારમાં કર્મ કહો છો એમાં રચીપચી, વાસનાવશ વિમુગ્ધ બની, અન્તરમાં અશુદ્ધિ ભરતાં હતાં; જડતાની જાળ ગૂંથતાં હતાં; પણ હવે એ વાસના વીતી અને કર્મના રહસ્યની ક્રાન્તિ થઈ. ભક્તને તો કેવલ ભગવાનને સંતોષવા અને એની પ્રાપ્તિ અર્થે દેહના ધર્મ વહેવડાવવા, એના એવા ધર્મ-પાલનમાં જ કર્તવ્યપાલનની સમાપ્તિ થાય છે. કર્તવ્યો કે ફરજો એ તો સોંપ્યાં હવે આપ સંસારીઓને; અમે તો એ સૌ બજાવી ચૂક્યાં. સંસાર તો ભક્તને મન નિ:સાર છે, અને એ નિ:સારતામાં જે બન્ધન હોય, કે કર્તવ્ય જેવું જે મનાતું હોય, તે સૌ નિ:સાર જ હોય, એમાં શું આશ્ચર્ય ?!

મુખ્ય ધર્મની સાધનામાં આમ કર્તવ્ય ગૌણ બને છે અને ઈશ્વરોપાસનામાં કર્તવ્યબુદ્ધિની અને કર્મમાર્ગની એટલા માટે જ ગૌણભાવે પરિસમાપ્તિ થાય છે. એ

ધર્મપાલનમાં કર્તવ્યનું આમ અદ્ભુત અભેદદર્શન છે. અમારા ધર્મમાં સમસ્ત વિશ્વના કર્તવ્યપાલનનો આમ અલૌકિક સમાસ થાય છે.

ધર્મની ઉપાસના એ અમારું પુણ્ય, એ ધર્મપાલનમાં, એ પુણ્યશીલ પ્રવૃત્તિમાં, એ સમાધિસ્થ સ્થિતિમાં કર્તવ્યનો સહજ અને વાસ્તવિક વિસ્મૃતિરૂપે આમ અભાવ. અહીં તો ઊલટો સંસાર છે. રાણાજી !

વળી અમારે આશ્રમ શા ? મહારાજ ! અમે તો એક જ આશ્રમમાં સર્વ આશ્રમનો સંન્યાસ કરનારા પરમહંસ; અને એક જ જન્મમાં અનેક જન્મ પૂરા કરનારા બ્રહ્મનિષ્ઠ. એ બન્ધન તો વ્યવહારપાલનની સાથે જ વીતી ગયું. રાજન્ !

**રાણો:**—ત્યારે શું પ્રત્યેક વ્યક્તિએ આમ સંસારમાં બેદરકાર બનવું ? દરેકનું એ જ કર્તવ્ય ? એનું નામ જ ધર્મ ?

**મીરાં:**—આજ તો આપ બહુ દયાળુ છો, રાણાજી ! બહુ આદર આપો છો, પ્રભુ ! અહોભાગ્ય કે આપને આટલી ઝીણવટભરી ભક્તિ સૂઝી આજ. હા, મીરાંનું તો એ જ માનવું છે; એ જ સમજણ છે; અને જરા લાંબો વિચાર કરીએ તો સૂઝશે કે સર્વનો એ જ ધર્મ છે. તફાવત એટલો કે સર્વનો એ કાલ નથી. એટલે સર્વના એવા સમાન સંસ્કાર નથી. ઈશ્વરના વાસ્તવિક સ્વરૂપનું–પરમ સત્યનું યથાર્થ જ્ઞાન, એ જ્ઞાનને અંગે બલ અને એ બલમાંથી ઉદ્ભવ પામતી ધર્મવૃત્તિની સ્ફુરણા, એ તો, મહારાજ ! પોતપોતાના પૂર્વ સંસ્કારની વાત છે; સર્વના સંસ્કાર સમાન ક્યાંથી હોય ?

દેશકાલના બાધિત વર્તુલમાં વીંટાયેલો અને અકળાયેલો જીવ, પુણ્યશીલ કર્માચરણનાં ફલ પામતો પામતો,

મનુષ્યદેહમાં આવીને બુદ્ધિબલ પામે; હૃદયનો, બુદ્ધિનો અને દેહનાં ધર્મકર્મના સાનભાનનો વિવેક કેળવે; સત્કર્મની સિદ્ધિવડે જિન્દગીની સીડી ઉપર ઊંચે ચઢે, અથવા પાપ-કર્મથી ખરડાયેલા પગે લપસી નીચે ઊતરે; અનેકાનેક યોનિમાં ભ્રમણ કરતાં કરતાં, માયાવી સંસાર અને ભ્રમણાત્મક ભાવાભાવનો વિવેક સૂઝે, દુઃખના વિષમ ડંશોથી દાઝી દાઝી, કષ્ટના કડવા ઘૂંટડાથી થાકી થાકી, વિકારી વસ્તુઓની પ્રાપ્તિ અપ્રાપ્તિની ગડમથલથી વિરામ પામી, અનિત્યના ત્યાગ સાથે નિત્ય વસ્તુની પ્રાપ્તિની જિજ્ઞાસાને લીધે દૃઢ વિરાગમાં રંગાઈને પરમ કલ્યાણને શોધવા નીકળી પડે; આમ પાપ વડે પીડા પામી, તપની વિશુદ્ધિ સજી પુણ્ય આદરે, ત્યારે શુભ સંસ્કારનો ઉદય થવા માંડે; એ પુણ્યશીલ પ્રવૃત્તિવડે અને ધર્મકર્મનાં સાધનવડે અંતઃકરણના મલ ધોવાય, અને અજ્ઞાનના—માયાના આવરણમાં દેશ અને કાલનું વર્તુલ સાંકડું છે, એમ સ્પષ્ટ પ્રતીતિ થાય એટલે એમાંથી એ છૂટવા તડફડાટ કરે; એને અસત્ય સમજે, જંજાળ ઓછી કરે, અને કાલના એવા ક્રમિક પરિણામમાં અંતિમ શુભ સંસ્કારનો ઉદય અને પરમસુખનાં દર્શનની ઝાંખી થતા ઋષિમુનિ અને સંતમહન્તોનાં બ્રહ્મવાક્યોમાંથી આગામી સૂચના મળે. અહા ! શી એ સમયની એ ભક્તની અવસ્થા ! નિત્યસુખની ઝાંખીમાં એ ઉગ્ર તપસ્વી બને. મીરાં તો માને છે કે આ ઘેલછા વિના ઉદ્ધાર જ નથી, અંતઃકરણની શુદ્ધિમાંથી પ્રાપ્ત થતી ભક્તિની, જ્ઞાનની અને જ્ઞાન દ્વારા મોક્ષની આ અનુભવસિદ્ધ અન્તિમ અવસ્થા છે.

આ ઘેલછા એ જ ધર્મ. સંસારધર્મોના ઉપાસકોને આ ઘેલછા લાધે ત્યારે જ સદ્‌ગતિ થાય; અને વહેલુંમોડું પ્રત્યેકને

આ ઘેલછા, આ ઉન્માદ, આ મૂર્ચ્છા લાધશે, ત્યારે જ એમનામાં આવી ઉગ્ર અને દૃઢ ધર્મવૃત્તિ જાગશે; ત્યારે જ એ વ્યક્તિ શુભસંસ્કારી બનશે; તે જ સમયે એને ખરું જ્ઞાન પ્રાપ્ત થશે. પણ આપ કહો છો તેમ સર્વને એક કાલે એ ઘેલછા કેમ લાધે ? એક કાળે જ એ જ્ઞાન, એ સ્થિતિ કેમ પ્રાપ્ત થાય ? જુઓને આપ જેને સંસાર કહો છો, અને જેના વ્યવહારમાં ક્રમિક વ્યવસ્થા માનો છો, એ સંસારના બંધારણમાં, સમાજનાં કર્તવ્યોના પરિપાલનમાં સર્વ પ્રાણીની સમાન સ્થિતિ છે ? નહિ જ. આ તો ઉન્નતિનો ક્રમ છે; વિકાસમાં, માનવજીવનની ઉત્તરોત્તર ખીલવટમાં પુણ્યકમલની પાંદડીઓ ઊઘડતી જાય, તેમ તેમ આત્મમધુપના ગુંજારવ એ અંતઃકરણમાં સંભળાય; મકરન્દ મહેકે, અને એ જ્ઞાનપરિમલ સમસ્ત બ્રહ્માંડમાં અણુઅણુ સાથે એકીકરણ પામે. આમ સંસારમાં જ જ્યાં અધિકારભેદ છે, તો પછી પરમ ધર્મ જેવી મહા વસ્તુનાં જ્ઞાન અને અધિકાર પ્રાપ્ત કરવાની શક્તિ, પુણ્યકર્મના ભાગ્યોદયરૂપી સંસ્કાર વિના ક્યાંથી આવે ? બાકી અન્તમાં ગતિ અને સ્થિતિ સૌની આવી અને આ જ, મહારાજ !

રાણો :—ત્યારે તું રાણી તો નહિ જ બને કાં ? આ અમારું કહેવું અને સમજાવવું એ સૌ વ્યર્થ, ધૂળ જ ? એ બધું બહેરા આગળ શંખ ?

મીરાં :—રાણાજી ! આપ જેને સમજાવવું માનો છો એ સમજાવવું નથી, પણ ઊલટું ભમાવવું છે. સમજાવવું એટલે તો એક વસ્તુનું યથાસત્ય જ્ઞાન આપવું. જ્ઞાન એ શુદ્ધ સાત્ત્વિક વસ્તુ છે; અને શુદ્ધ વસ્તુનું જ્ઞાન આપવું એનું નામ સમજાવવું.

એથી વિરુદ્ધ દિશામાં કોઈને લલચાવવું અને પ્રેરણા કરવી એ અનર્થ અને એનું નામ જ ભમાવવું.

મહારાજ ! આપ એટલું તો સમજો કે **મીરાં** સન્માર્ગમાં છે, અને સદ્વસ્તુની પ્રાપ્તિ માટે મથે છે; એટલા માટે એમાંથી, એ દિશામાંથી, એ માર્ગમાંથી એને અન્ય માર્ગ પ્રતિ વાળવા કે પ્રેરવા પ્રયાસ કરવો એ અનર્થ, અધર્મ અને ભમાવવું; બાકી વ્યર્થ અને ધૂળ એ તો અજ્ઞાનમય, અશુદ્ધ ચિત્તના જ ઉદ્‌ગાર કહેવાય; આપ એમ ન બોલો રાજન્ ! આશ્ચર્ય તો એ છે કે આપ હજુ **મીરાં**ને જરાયે નથી સમજતા. **મીરાં**ના વિરકત જીવનનો, એના અલૌકિક ઉદ્દેશનો, એની અવ્યભિચારિણી ઈશ્વરભક્તિનો સાર નથી પામતા : એનું તાત્પર્ય નથી સમજી શકતા. આપ આ શરીરને "**મીરાં**," "**રાણી**" સંબોધો છો; તેને મેવાડની રાણી, આપની મહારાણી કે પત્ની સમજો છો, અને બનાવવા મથો છો; પણ **મીરાં** આપ ધારો છો તે નથી. **મીરાં** આ દેહ નથી, **મીરાં** રાણીસ્વરૂપ નથી; **મીરાં** આ સાધુડીવેશ નથી; આ દેહ, આ બાહિર્ભાવ એ તો કેવળ લૌકિક દૃષ્ટિભ્રમ છે. દેહ જેવું અને એને અંગે વાદવિવાદના મૂલરૂપે આ જે અજ્ઞાન પ્રતીત થાય છે, એ તો માયાના ખેલ છે, એ તો ભ્રમ છે, પડદો છે. અજ્ઞાનની એ અંધારપછેડી છે. **મીરાં** તો શ્રીકૃષ્ણપરમાત્મા પ્રેમમૂર્તિનો ગોપિકારૂપ અગોચર પ્રેમપ્રકાશ છે; કહો કે કૃષ્ણપ્રેમરૂપ છે. **મીરાં** શું કરે તો આપ એ સમજો ?

પણ અરે ! એ પ્રશ્ન જ વ્યર્થ છે. **મીરાં**એ આપને એવું સમજાવવા યત્ન કરવો એ પણ **મીરાં**નું અવિહિત અને અશાસ્ત્રીય કર્તવ્ય બની જાય છે એ રીતે તો; કારણ કે એ પ્રયત્ન અને પરિશ્રમ મિથ્યા છે. મારો કૃષ્ણ આપને

સમજાવે. એની કરુણા આપના ચિત્તમાં કોમલતા પૂરે; એની પ્રેમદૃષ્ટિ આપના હૃદયને નિર્મલ બનાવે. એ સર્વશક્તિમાન શું ન કરી શકે ? અને એ યથાક્રમે કર્યા જ કરે છે. અરે ! એ આપને સમજાવે, **મીરાં**ના પ્રભુ કૃષ્ણને આપ સમજો; અહો ! એ ગિરિધારી પ્રેમમૂર્ત્તિનાં, અલૌકિક રાસમૂર્તિનાં આપ દર્શન પામો.

રાણો :—થાક્યો હવે તો **મીરાં**; માથાફોડ નથી ગમતી વધારે હવે. તને કેટલી વાર એકની એક વાત સમજાવવી ! તું બેશક આનું બહુ ખરાબ પરિણામ લાવીશ. રાજ્યને કલંક લગાડીશ; રાણાને અપકીર્તિનો પોટલો બંધાવીશ. એક રાજરાણીને અછાજતી વર્તણૂકથી રાણીપણાના ધર્મને ધોઈ નાંખી, દુનિયાને એક અનિષ્ટ, અહિતકર અને ઉદ્ધત આચરણવાળી વ્યક્તિનું દૃષ્ટાંત સોંપી જઈશ; એટલું જ નહિ, કિન્તુ અનેક અબૂજ ભોળાં માનવીઓને અવળે માર્ગે ચઢતાં શીખવીશ. સમજ, હજુએ સમય છે; માનીશ ?

**મીરાં** :—શું માનવું ? રાણાજી ! આપની અવળી વાતોને કેમ માનવી ? આપ જેને કલંક, લાંછન અને અપકીર્તિ કહો છો; અરે ! જેને જગતનાં ચક્ષુ કલંક માને છે, તે ભક્તની દૃષ્ટિમાં કલંક નથી. તેમ જ વસ્તુતઃ તે કલંક છે પણ નહિ. એવાં મિથ્યા કલંક અને કીર્તિનો આ જગતના અસ્તિત્વ સાથે સંબંધ છે, અને તેથી જગતની નાશવંત કીર્તિની પેઠે એ કલંક પણ કાલક્રમે નાશ પામે છે. ભક્તને જગતની કીર્તિની, અરે ! જગતની જ પરવા ન હોય, ત્યાં પછી કલંકના ડરની તો વાત જ શી ? તેને એ કીર્તિ સાથે, એ કલંક અને લાંછનના અપવાદ સાથે શો સંબંધ છે ભલા ?

જગતના માનવી જગતની ટૂંકી દૃષ્ટિએ પોતાની કીર્તિને કલંકિત માને તો ભલે માને; જગતના કૂડા લોકોની કીર્તિને ખાતર ભક્ત પોતાની એટલે કે પ્રેમધન શ્રીકૃષ્ણ-ચંદ્રની કીર્તિ નહિ ગુમાવે. મીરાંને તો કૃષ્ણનાં ગુણગાન, એ જ કીર્તિનું પાલન અને કલંકનું પરમ નિવારણ છે. એને જો કોઈ કલંક માનતું હોય તો સુખે માને.

અપકીર્તિને માનનાર અબૂજ વર્ગને પણ એ અપકીર્તિ પરિણામે હિતકર જ નીવડશે. કારણ કે એ અપકીર્તિ જગતની સાથે સંબંધ રાખે છે, તેથી માયાવી અને અન્તવાન છે. માયાના અંત સાથે માનવીની ટૂંકી દૃષ્ટિમાં આવતી, ટૂંકી આયુવાળી અપકીર્તિનો અન્ત છે. એનો અન્ત આવતાં કીર્તિની નિઃસારતા સૂઝે, એટલે એનો અન્ત પરિણામે હિતાવહ અને આશીર્વાદરૂપ છે. તેમાંથી જ વિવેક અને ભક્તિનો પ્રાદુર્ભાવ થાય છે.

વળી આપ કહો છો કે જગતનાં ભોળાં, અબૂજ જનો માટે મારું આચરણ ઉદ્ધત દૃષ્ટાંત નીવડશે; પણ એ ભય અસ્થાને છે. ભક્તની જીવનકલા સંસારીઓથી ન ઉકેલી શકાય એ સ્વાભાવિક જ છે. ભક્તજીવનના બહિરાચર અને વ્યવહારવ્યવસ્થા પ્રાયશઃ એના આન્તરજીવનની તન્મયતા સાથે સંબંધ રાખે છે અને ઈશ્વરધ્યાનમાં ઉન્મત્ત રહેતાં સહજ મળતા અવકાશમાં એનો બાહ્ય વ્યવહાર ચાલે છે; તેથી સંસારીઓના વ્યવહાર સાથે તેને સામ્ય ન મળી શકે એ સ્વાભાવિક છે. સંસારીઓ આથી ભક્તજીવનના જીવન-વ્યવહારને ન્યાય આપે તે વાસ્તવિક ન કહેવાય. વસ્તુતઃ તો જગતમાં કોઈ કોઈને ન્યાય આપવા સમર્થ નથી. કોઈએ કોઈને ન્યાય આપવો જોઈતો જ નથી. પ્રત્યેક વ્યક્તિ પોતાના

પ્રસંગો લઈ જન્મ લે છે, અને તેથી પ્રત્યેકને પોતાના પ્રસંગો સાથે પોતાનું જીવન સંકલિત કરવાનું હોય છે. આપના ચિત્તમાં એ ભય હોય કે લોકસમાજ અનુકરણ કરશે, તો પણ એ ભય આપ સંસારીઓનો. વળી અનુકરણ કરવું કે નહિ એ પણ વ્યક્તિગત, અને સંસ્કારમૂલક પ્રશ્ન છે, સર્વ પોતપોતાના પૂર્વ સંસ્કારને અનુસરે છે ત્યાં કોણ કોને અનુસરે છે એમ કહેવાય? ભક્તજીવનનું અનુસરણ સંસારીઓ-ને પણ હિતાવહ જ છે, કારણ કે એ અનુસરણમાંથી એમને ઉન્નતિનો માર્ગ મળશે, અને સંસારનાં કલેશ, સંતાપ તથા દ્વંદ્વોથી મુક્તિ મેળવશે; એટલે એ ભય પણ અસ્થાને છે. વિશિષ્ટ પુરુષોની જીવનકલામાં જિજ્ઞાસુઓને અનેક સદ્બોધ મળે છે, પણ તે ગ્રહણ કરવો કે નહિ, એ પ્રશ્ન તો એના અંતઃકરણ સાથે જ સીધો સંબંધ રાખે છે. વ્યક્તિત્વ સાથે જીવનસ્વાતંત્ર્યની ભિન્નતા જેટલી સ્વાભાવિક છે, તેટલી જ એક વ્યક્તિએ બીજી વ્યક્તિના જીવનનું અનુકરણ કરવું કે ન્યાય આપવો એ સ્વતંત્ર પ્રશ્ન છે.

વળી આત્મનિરીક્ષણ વિના અન્ય પરીક્ષણ કદી થઈ શકતું નથી. સંસારીઓમાં આત્મનિરીક્ષણની જ શકિત હોતી નથી, એટલે જ્યાં પોતાનું દૃષ્ટિબિન્દુ જ પોતે પારખી શકતાં નથી, ત્યાં અન્યના વ્યવહારમાં દૃષ્ટિ નાંખી સત્ય નીરખવાની શક્તિ તેમનામાં છે, એમ ક્યાંથી કલ્પી શકાય?

આથી જ સૌએ પહેલાં પોતાનું જીવન તપાસવું. પોતે ક્યાં છે, એટલે કે ઈશ્વરપ્રાપ્તિના સન્માર્ગમાં પોતે કેટલે આગળ વધેલ છે, એ પોતે જોઈ લેવું, ને પછી પોતે જ્યાં હોય ત્યાંથી આગળ વધવા પ્રયાસ કરવો એ ધર્મ. આવું સૂત્ર એ જ ધર્મજીવનનું, માનવજીવનનું સૂત્ર હોવું જોઈએ,

એમ મને તો લાગે છે. આવું સૂત્ર બનાવીએ એટલે આપણને અન્યની ચર્ચા, ટીકા, નિન્દા કે મિથ્યા કૂથલી કરવાનો ક્ષણભરનો પણ અવકાશ જ ક્યાં રહે? આપણે આપણું તપાસવાનું થોડું છે? અને સૌ પોતપોતાનું જુએ તો કોણ કોનું જોવા બેસે? વળી એમ થાય એટલે અન્યનાં આચરણમાં દોષ નિહાળવાનો સમય ક્યાંથી મળે?

રાણાજી! આમાં મીરાંનું દૃષ્ટાંત સંસારીઓનાં જીવનને ઉદ્ધત દૃષ્ટાંત નીવડે એવો વિચાર કરવાનો મીરાંને ક્યાં સમય છે? અને તેટલા માટે જ આવું જીવન અન્યને ઉદ્ધત દૃષ્ટાંતરૂપ બને એવો ભય મીરાંને તો નથી જ, મીરાં પોતાને માટે અને દીર્ઘદૃષ્ટિથી જોશો તો સૌ પોતપોતાને માટે જ જીવે છે. ઈશ્વરપ્રાપ્તિ એ સૌનું લક્ષ્ય છે, અને જનસમૂહ જાણે કે અજાણે એ માર્ગે ચાલ્યો જાય છે. એની પ્રાપ્તિમાં સૌ સ્વતંત્ર છે. બાલક, સ્ત્રી કે પુરુષ સૌને ઈશ્વરપ્રાપ્તિનો સમાન હક્ક છે, અને એ સમર્થનું પદ પામવા જતાં માર્ગમાં જે કોઈ આવે તેને દૂર કરવાનો પણ સૌને સમાન અને સંપૂર્ણ અધિકાર છે. સૌનો પ્રિયતમ એ છે, અને તેથી એ એક જ પ્રિયતમને માટે અન્ય સર્વ પ્રિય, અને પ્રિયતમના આભાસ જેવાં નામરૂપનો ત્યાગ કરવો પડે, એમાં જરાયે પાપ કે અધર્મ નથી. એ પ્રિયતમની પ્રાપ્તિ થતાં સમસ્ત પ્રિય વસ્તુઓની પ્રાપ્તિ થઈ જાય છે. એ પ્રિયતમની પ્રાપ્તિના નિષ્કામ યજ્ઞમાં, સમસ્ત પ્રિય પદાર્થોની નિષ્કામ આહુતિ છે. એ શ્રેયસ્‌ની સાધનામાં સર્વ પ્રેયસ્‌ સ્વાભાવિક રીતે જ આહુતિરૂપ દ્રવ્ય બને છે.

મહારાજ! આમ આત્માનો ધર્મ એ ધર્મ. અન્યને ખાતર કે કોઈ સાંસારિક કામના પૂરવાનો કર્મવ્યવહાર

એ ધર્મ નહિ. અહીં તો નિષ્કામકર્મ અને અવ્યભિચારિણી ભક્તિ છે. આસક્તિ અને આશા વિનાનો ધર્મ એ જ ધર્મ. એ જ ભગવાન કૃષ્ણનું વીર અર્જુનને ભગવદ્‌ગીતા-રૂપે ઉપદેશામૃત, ભક્તરાજ ઉદ્ધવને ભાગવતમાં ઉપદેશેલી એ જ ઉદ્ધવગીતા, અને એ જ ધર્મોપદેશ. અન્યને ખાતર કે કોઈ કામ્યકર્મની ફલપ્રાપ્તિ નિમિત્ત ધર્મ એ તો કર્તવ્ય બની જાય, સકામ યજ્ઞ બની જાય, રાજન્!

રાણો:—ત્યારે તમારું જીવન એ અન્યને ઉપયોગી નહિ જ કાં? તમે તમારે માટે જ જન્મ્યાં? અમારી સાથે તમારો સંબંધ જોડાયો, તે અવાસ્તવિક અને કેવલ નિરૂપયોગી? તમે અમને ઉપયોગી ન જ થાઓ? અમારી ઇષ્ટપ્રાપ્તિમાં તમે જરાયે સહાય ન કરો? તમારા ઉદ્ધારમાં જ સૌનો ઉદ્ધાર એવું જ સૂત્ર તમે તો શીખ્યાં લાગો છો! એ સ્વાર્થ નહિ તો બીજું શું?

મીરાં:—હા, રાણાજી! સાંભળતાં ચમકશો, પણ સત્ય તો એ જ છે. ઈશ્વરીય આજ્ઞા તો એવી જ સહાસર્વથા સૌને છે. મીરાંનો ઉદ્ધાર તે જ જગતનો ઉદ્ધાર; જગતનો ઉદ્ધાર એ મીરાંનો નહિ; કારણ કે મીરાં જ્યાં પરમધન કૃષ્ણદેવને પામી ત્યાં મીરાં કે જગત એવું કશું રહેતું નથી; અને તેથી જગતનો ઉદ્ધાર કરવાનો પ્રશ્ન જ ભક્તના જીવનમાં વસ્તુતઃ ઉદ્ભવતો નથી.

એક વધારે સત્ય સાંભળો; મનુષ્યને પોતાના ઉદ્ધાર માટે શરીર સિવાયની બહારની કોઈ પણ બીજી ચીજ ઉપયોગી નથી, તો અન્ય મનુષ્ય તો એને શું કામ આવે? દેહનિર્વાહનાં સાધનોમાં કાંઈ ધર્મઅધર્મ સમાઈ જતા નથી. કોઈ મકાનમાં પુરાયલા કેદીને છૂટી નીકળવા જેમ અંદરની

ચીજો જ ઉપયોગી થાય છે, તેમ આ શરીરમાં પુરાયેલા બુદ્ધિ અને અહંભાવે જીવાત્મા બનેલા પ્રકાશને વિસ્તૃત બનવા માટે પોતાની બુદ્ધિનો જ ઉપયોગ બસ છે; અને તેથી સ્થૂલની જ ક્રિયાઓ વાસ્તવિક હિત આપી શકે, એમ માનવું એ ભ્રમ છે. સ્થૂલની ક્રિયાઓ વણસમજે કરી હોય તો બહિરંગ કર્મરૂપે ઊલટી બંધનો વધારતી જાય છે. વિચારો, વૃત્તિઓ, ભાવભક્તિ એ પણ ક્રિયા છે. છતાં અંતરંગ અને બહિરંગ બન્ને સાધનોમાં અંતરંગ વિના બહિરંગ થતાં જ નથી એ સમજવું સહેલું છે. જેટલા પ્રમાણમાં બહિરંગ કર્મના સાધનની અંતરંગ પર પરતંત્રતા છે તેટલા જ પ્રમાણમાં એ અંતરંગ વિચારોનું બહિરંગ સ્થૂલ રૂપાંતર છે; તેથી બહિરંગનો અભાવ કરી, અંતરંગ સાધના મનુષ્યને વાસ્તવિક હિત અર્પનારી છે, અને એ જ સમીપસ્થ તથા સ્વતંત્ર સાધન છે. જરા વિચાર કરો, રાજન્! સૂક્ષ્મ દેહના ભાન વિના સ્થૂલ વ્યવહાર થવો જ અસંભવિત છે. બધી સ્થૂલ ક્રિયાઓ સૂક્ષ્મના વિકાસ માટે અને એનાં બંધનો દૂર કરવા માટે જ છે. સ્થૂલ સૂક્ષ્મનું સાધન છે; સાધ્ય નથી.

જે મન સ્થૂલ વ્યવહારોને સત્ય માનીને એની પ્રાપ્તિમાં મથે છે તેને જ એ પરમસત્ય કૃષ્ણ પરમાત્મામાં વાળી દેવું. એટલે સ્થૂલના અનાવશ્યક વ્યવહારો બંધ પડે, એમાં શું આશ્ચર્ય! અને એમાં શું અધર્મ?

ભૂલ એ કરો છો કે આપ સ્થૂલના વ્યવહારોને જ મુખ્ય ધર્મ માનો છો. મનના સ્થૂલ સાથેના સંબંધોને કર્તવ્યો માનો છો, પણ ભગવન્! એ જ મનને જરા સચ્ચિદાનંદ પ્રતિ વાળી જુઓ તો ખરા; ઘડીભર એ આનંદ લઈ જુઓ, એટલે મારા કહેવાનો તથ્યાંશ અવશ્ય સમજાશે.

બોલો ત્યારે અન્યની સહાયતાની રાહ જોઈ બેસી રહેવું એ તો આળસ નથી ? જગત્‌ના ઉદ્ધારની રાહ જોતી મીરાં જન્મના જન્મ કાપતી જાય, સ્થૂલ કર્મોને જ વાસ્તવિક અને નિત્ય માની, સૂક્ષ્મનો એમાં જ ઉપયોગ કર્યા કરે, તેમ જ જગત્‌ની સાથે એટલે સકલ સંસારની સાથે પોતાનો ઉદ્ધાર થશે વા થવો જોઈએ, અને તે પહેલાં ધર્મસાધના કે ઈશ્વર-પ્રાપ્તિ એ સ્વાર્થ છે એમ માને, એ તો એને મન અધર્મ છે; એ સમાન હક્કમાં અને એના પ્રયાસમાંથી ઉદ્‌ભવ પામતા સચ્ચિદાનન્દના ઉપભોગમાં સ્વાર્થ કે પરોપકાર એવો ભેદ-ભ્રમ જ રહેતો નથી.

રાણાજી ! સ્વાર્થ શબ્દ સાથે પરાર્થ નહિ પણ પરમાર્થ શબ્દ શાસ્ત્રોમાં વપરાય છે. એ પરમ અર્થમાં પરાર્થ કે પરોપકાર-રૂપી કર્મબંધનોનાં વલખાં ગૌણ છે; અને તેથી મૂલધર્મમાં બધા સ્વાર્થનો સમાવેશ થાય છે. અહંભાવે કાર્ય થાય તે સ્વાર્થ અને અભિમાનને વિસરી જઈ શ્રીકૃષ્ણમાં તલ્લીન રહેવું, દેહના વિશુદ્ધ ધર્મોમાં એની સેવા જોવી એનું નામ સ્વાર્થી મટી પરમાર્થી થવું. એ પરમાર્થસિદ્ધિમાં પછી કઈ પરોપકાર-ની સિદ્ધિ બાકી રહે વારુ ? તેમ જ આવા પ્રશ્નો પૂછવાનો અવકાશ પણ ત્યાં તો નથી રહેતો. પ્રશ્નો, ચર્ચા, ટીકા, એ બધાં અશ્રદ્ધાનાં લક્ષણો છે. જેને તૃષા છે, જેને એ જીવનસુધાની આવશ્યકતા છે, તે પ્રશ્નો નહિ પૂછે. પણ સીધો એ પંથે પળશે. રાણાજી ! આમ માનવજીવનની સંકલના સ્વાર્થ અને પરમાર્થમાં ઓતપ્રોત થયેલી છે, અને વ્યક્તિગત જીવનનો આવો ઉદ્દેશ સામાજિક કલ્યાણનું વાસ્તવિક સૂત્ર બને છે. જગત્‌ના સંબંધો પરસ્પરનો સહાય માટે છે, અને તેથી જ આપે મીરાંને સહાય કરવી જોઈએ, એ

તાત્પર્ય નીકળે છે. પરિણામે આપને પણ **મીરાં**ની સહાય જ છે. આમ **મીરાં** કે આપ કોઈ સ્વાર્થી નથી; માત્ર પરમાર્થને સ્વાર્થ કહેવાનો, ને તેમાં સ્વાર્થ જોવાનો દૃષ્ટિભ્રમ છે, તે જ અજ્ઞાન અને દોષ છે. શેર પાણીની તૃષાવાળાને એક ઘૂંટડો મળતાં, શેરની રાહ જોયા વિના તરત જ મળતા ઘૂંટડાનો સ્વીકાર કરી લેશે, ને એટલો આધાર મળતાં બીજાની શોધ ચલાવશે અને વધારે પામશે. પરંતુ અશ્રદ્ધાળુ એ એક ઘૂંટડો ન પીતાં, શેરની આશામાં ઘૂંટડો પણ ગુમાવશે અને તૃષાથી રીબાયાં કરશે. **મીરાં** સાંસારિક ધર્મો અને વાસનાનાં કર્મો પૂરાં કરવા બેસી રહે અને કોઈના ઉદ્ધારથી પોતાનો ઉદ્ધાર થશે એમ આશામાં વલખાં મારે એ તો પામરતા કહેવાય; કારણ કે એવી આશામાંથી તો નિરાશા જ જન્મે.

**મીરાં** તો પોતાનાં જ્ઞાન, શક્તિ અને પ્રકાશ ગમે તેટલાં થોડાં હોય, તો પણ તેટલાના ઉપયોગથી જ માર્ગ કાપતી જાય. અને એ બલને એમ જ વધારતી જાય, એ એનો ધર્મ. **મીરાં** પોતાના માર્ગમાં જ્યાં આમ સંપૂર્ણતા જોતી હોય, અને પોતાનો માર્ગ પોતાને આદર્શરૂપ માની સંતોષ પામતી હોય, ત્યાં તેના હૃદયમાં આપ રાખો છો એવો ઉદ્ધત દૃષ્ટાંતનો ભય ક્યાંથી હોય? બાકી એનો તો એવો જ ધર્મ છે, એ એને જ ધર્મ માને છે.

અહીં તો એક જ વાક્યમાં સર્વનો અંત; એટલે કે ધર્મ એ જ કર્તવ્ય, ધર્મો નહિ, કર્તવ્યો નહિ, કાર્યો નહિ, પણ માત્ર ધર્મ તે જ ધર્મ્ય, બાકી કર્તવ્ય સૌ અસેવ્ય. તેમ જ એક **મીરાં**નો ઉદ્ધાર તે આખા વિશ્વનો, અખિલ બ્રહ્માંડનો

ઉદ્ધાર. જો કે મીરાં તો આવા જ્ઞાનને પણ ભાર સમજે છે, અને એ જ્ઞાનથી પણ પર, પૂર્ણપુરુષોત્તમ પરબ્રહ્મ કૃષ્ણ પરમાત્મામાં તલ્લીન રહેવા મથે છે.

રાણો :–ત્યારે હવે તો વિષમ ઉપાય લેવા જોઈશે. તમારા જેવાં ઉદ્ધતને અમારા કર્તવ્યપરાયણ ધર્મમય સંસારમાંથી હરકોઈ ઉપાયે સત્વર દૂર કરવાં જોઈએ. મીરાં! જગતના લોકને તું ભ્રમણામાં નાંખે છે, એ ઘોર પાપ કરે છે. જરા તો સમજ; વિચાર કર કે અમે સૌ સંસારી મૂર્ખ, અજ્ઞાની અને બેવકૂફ નહિ હોઈએ. અમને સૌને તું એવાં જ ગણતી હોય એમ લાગે છે.

મીરાં :–નહિ રાણાજી, આપ મૂર્ખ નથી. પણ અલબત્ત આપની સંસારી દૃષ્ટિમાં અજ્ઞાન તો છે જ, અને એ અજ્ઞાનના મોહમાં જ આપ જ્ઞાનને અજ્ઞાન, તેમ ભકિતને ભ્રમણા માનો છો. આપની ભૂલ એ થાય છે કે આપ ભકતના વાકયોનો દુરૂપયોગ કરો છો. ભકત માને છે કે એક જીવાત્માનો ઉદ્ધાર એ અખિલ બ્રહ્માંડનો ઉદ્ધાર, તેમ આપ પણ આપના અભિપ્રાયને સકલ સંસારનો અભિપ્રાય બનાવો છો.

ઇતિહાસ એની સાક્ષી પૂરશે આપ પૂછશો તો. કોઈ ઈશ્વરભકત કે સાચો વિરકત આપ માનો છો તેવો સંસારી નહિ જ બન્યો હોય. મહાત્મા જનકરાજને પણ ભકતશિરોમણિ અષ્ટાવક્રજી પાસે શિર ઝુકાવવું પડયું હતું. એ જનકરાજને પોતાનો માર્ગ ભકત પાસેથી જ લેવો પડયો હતો. અમે પણ અમારો માર્ગ પૂજ્યચરણ સન્તમહન્તો પાસેથી મેળવ્યો છે; એ માર્ગે જતાં હવે બીજો કયો માર્ગ બાકી રહ્યો? અમે તો સંસારનો માર્ગ કાપી ચૂકેલાં, કૃષ્ણમંદિરમાં, કૃષ્ણ-

હૃદયમાં, વૃન્દાવનમાં લીન-તલ્લીન, મસ્ત અવધૂત, અભિન્ન ભક્તિનાં કૃષ્ણદાસ; ભક્તનું શિર, ભક્તનું સર્વસ્વ તો એ પરમાત્મા કૃષ્ણને જ સમર્પણ હોય. અમને તો આવી ઈશ્વરસ્વરૂપની પ્રાપ્તિની તૃષામાં ઘેલછા જોઈએ અને એ જ પ્રાપ્તિ એ અમારો ઉદ્ધાર.

અહો ! અમને દૂર કરવા આપ ઉપાય યોજશો એમ આપ કહો છો, પણ આપ અમને આપના માર્ગમાં માનતા હો તો ભલે, બાકી અમે તો આપનાથી, અને સંસારથી કેવલ દૂર જ છીએ. આપ અમારો બહિષ્કાર કરો તે પહેલાં જ અમે સકલ સંસારનો બહિષ્કાર કરી ચૂક્યાં છીએ. તો પછી આપ કહો છો તેવી દૂર કરવાની વાત જ ક્યાં રહી ? કોઈ કોઈને દૂર ન જ કરી શકે, જ્યાં સુધી દૂર થનાર વ્યક્તિ પોત પોતાની મેળે દૂર ન થાય. પણ ટૂંકી દૃષ્ટિનાં માનવી આ દેહને વિઘ્નરૂપ સમજી અન્ત લાવવા ધારે, અને ગમે તે પ્રયોગે વિષપ્રયોગ આપવાની યુક્તિ રચે, તો પણ તે વિષ અમૃતનું જ રૂપાન્તર પામે; મૃત્યુની યુક્તિઓ અનન્ત જીવનનાં સાધનો બને, અને બધાં વિઘ્નો અમારા માર્ગમાં સહાયક નીવડે. આપનો શસ્ત્રઘા મારા કૃષ્ણનો કરુણ, કોમળ અને આશીર્વાદભર્યો હસ્ત નીવડે. મીરાંને તો આ દેહ સાથે સંબંધ નથી; કારણ મીરાંનો દેહ તે કૃષ્ણનો દેહ છે અને રક્ષા કરનાર તો એ સર્વશક્તિમાન છે. માનવની અલ્પ શક્તિ એ દેહને શી ઇજા કરી શકે વારુ ?

અને આ દેહ નાશ પામે તોયે શું ? મીરાં એના મૂલસ્વરૂપમાં, કૃષ્ણસ્વરૂપમાં એકમેક થઈ જાય. મીરાં તદ્રૂપ બની જાય. આમ અમે તો એકમેક છતાં પૃથક્-અને પૃથક્ છતાં એકમેક દેખાઈએ છીએ; તેમ જ સદા સર્વથા

નિર્ભય, નિશ્ચિંત, કૃષ્ણધ્યાનમાં અને કૃષ્ણપ્રેમમાં મસ્ત છીએ.

રાણો:—રાણી! ગાંડાઈ પોતે કરવી છતાં સમસ્ત જગતને ગાંડુ ગણવું એ કેટલી ધૃષ્ટતા છે! ઉદ્ધતપણે રહી અન્યનાં વ્યવહાર અને શાન્તિમાં વિક્ષેપ નાખ્યા કરવો એ મહાપાપ થાય છે, મીરાં! પોતે તો ભૂલ્યાં પણ આ તો બીજાઓને પણ ભૂલાવવાં અને અવળે માર્ગે જ દોરી જવાં, એ કેટલું અકલ્યાણ! કેટલું પાપ!

મીરાં:—જગતના લોકો સુખની સાધનાના અનેક પ્રયત્નો કર્યાં કરે છે, તો પણ એ પદાર્થોમાંથી એમને સુખ મળ્યું છે કદી? મહારાણા! એ નિઃસારમાંથી સાર શેનો મળે વારુ? અને આપ પાપ પાપ કર્યાં કરો છો, પણ પાપ એટલે શું એનો વિચાર કર્યો છે જરાયે? પાપ કયું રાણાજી? આ અનિત્યને લેવા મથવું એ પાપ, કે પેલા પરમ શાશ્વત્ દૈવતને પ્રાપ્ત કરવું એ પાપ? આપ એમ જ કહ્યા કરો છો, અરે જગત એમ જ બોલ્યા કરે છે કે મીરાં જગતના લોકને ભ્રમણામાં નાંખે છે અને એમ કરી પાપભાગી બને છે. અરે! ભક્તરાજ! હજુ આપ આવું ધારો છો?

ભ્રમણા માટે તો મેં કહ્યું તેમ સંસારીઓની દૃષ્ટિની ભ્રમણા એ ભક્તનાં તલ્લીનતા, મસ્તી, ઘેલછા અને તત્ત્વમાં એકતા છે. એ જ એનો સર્વવ્યાપક પરમાત્મામાં વિનિમય; એ જ એના આત્માની કૃષ્ણસ્વરૂપમાં અભિન્નતા.

અને પાપ એટલે શું? પાપની વ્યાખ્યા સાંભળવી છે, મહારાજ! એ અગોચર છે; દુનિયા એમાં ગોથાં ખાય છે. હું તો માનું છું કે:

"આત્માની ઉન્નતિમાં અવરોધ કરે તે પાપ; પછી તે શારીરિક કર્મ હોય અથવા માનસિક વિચાર." અને પુણ્ય એટલે તેથી ઊલટું. "આત્માની ઉન્નતિમાં સહાય કરે તે પુણ્ય; અને તે પણ શારીરિક ધર્મકર્મ વા માનસિક વિચાર."

પાપપુણ્યનાં કર્મધર્મની કેવલ બાહ્યદૃષ્ટિથી પરીક્ષા કરતાં આવી ભ્રમણા થાય છે, કારણ કે ભક્તના બાહ્ય જીવનના વ્યવહાર સર્વલક્ષી અને સર્વદેશી નથી હોતા. "ભગવાન્ શ્રીકૃષ્ણ જ મારું શરણ છે," એ જ એના જીવનનું સૂત્ર હોય છે. અને એવી તલ્લીનતામાં માયાના મોહભર્યા સ્વાર્થી સંબંધોનું સાવધાન પરિપાલન થઈ શકતું જ નથી; કારણ કે એમની વૃત્તિ અન્તર્મુખ હોય છે. એટલા માટે અમારી મસ્તી, અમારી નિસ્પૃહતા, અમારો માર્ગ તે પાપ નહિ પણ પુણ્ય. એ મસ્તીમાં અમારું તો કલ્યાણ છે જ; પણ પરિણામે સર્વ જગતનું પણ એમાં જ અને એ માર્ગે જ કલ્યાણ છે. અમારી મસ્તીથી જગત્‌નાં સ્વાર્થી જનોના સ્વાર્થ પર કદાચ કુહાડો પડશે, એમના સ્વાર્થ હણાશે, એમની વાસનાઓ અતૃપ્ત રહેશે, પણ મીરાં તો પરિણામનો વિચાર કરે છે. દુઃખને અન્તે નિરાશા અને નિરાશાને લીધે માયાવી પદાર્થો અને સંબંધોની તેમને નિઃસારતા સૂઝશે, ત્યારે એમાંથી જ વૈરાગ્ય, ભક્તિ અને જ્ઞાન જન્મશે અને એમના જીવનની દશા બદલાશે.

પાપ એટલે હવે આપ સમજ્યા કે જીવાત્માની સદ્‌-ગતિને, મોક્ષના માર્ગને રોકે યા વિઘ્ન કરે તે પાપ. એટલા માટે કોઈ પણ ભક્તને તેની ભક્તિમાંથી, તેના સ્વાનુભાવિત

સ્વતંત્ર માર્ગમાંથી રોકનાર સંસારી સ્વાર્થીજન પાપ કરે છે એમ કહેવાય; સમજ્યા, મહારાજ?

માટે પુણ્ય કરો, મીરાંને અનુકૂલ બનો, જગત્‌ને શીખવો કે, જે કોઈ ભક્ત પોતાની પ્રગતિમાં હોય, તેને સહાય કરી, પુણ્યશાળી બનતાં શીખે. કરશો આમ? બહુ ઉપકારી બનશો; ઈશ્વરની અનન્ય સેવા થશે.

રાણો:—મહારાણી! મીરાં ભક્તાણી બને અને કહેવડાવે એ જોવા રાણો જરાય ખુશી નથી; બહુ દિલગીર છે એથી તો એ. રાજ્યમાં ઉત્ક્રાન્તિ જોવા એ જરાયે ઉત્સુક નથી. અને આ ઉત્ક્રાન્તિ તારું સાહસ છે. જગતનાં બુદ્ધિશાળી જનોને હજુ આ જીવન સંસારમાં પૂર્ણ કરવું છે, અને તેથી આમ તમારા જેવાંને નિરંકુશ બનવા દઈએ તો કોલાહલ વધી, સમાજ અવ્યવસ્થિત અને વ્યવહાર અસ્તવ્યસ્ત બની જાય.

મીરાં:—હવે તો આપના પ્રશ્ન હાર્યાં ઉરમાંથી નીકળે છે, રાણાજી! પ્રશ્નની પુનરૂક્તિ થાય છે; તો પણ મીરાંને તો તે ઉત્સાહ અર્પે છે. ભક્તિ, મસ્તી, ઘેલછા, એ મીરાંનું વાસ્તવિક સ્વરૂપ છે. અને પ્રત્યેક વ્યક્તિ પ્રેમભક્તિનું એવું જ સ્વરૂપ બને એમ મીરાં સમજે ને ઇચ્છે છે. એવી મસ્તી કે ઘેલછા વિના અનન્ય ભક્તિનો વાસ્તવિક ઉદય થતો નથી. સંસારી જેમ પોતાની દૃષ્ટિથી, ભક્તને સંસારી, સ્વાર્થી અને પામર માને છે, તેમ ભક્ત પોતાની ઘેલછાની સ્થિતિમાં, અખિલ સંસારને ઘેલછામાં જુએ છે ને માને છે: ઉન્નતિના ક્રમમાં એ બધાંને પરિણામે મોક્ષ જ પ્રાપ્ત થવાનો છે એવી શ્રદ્ધામાં એ વિશ્વને પણ મુક્ત જ જુએ છે. વસ્તુતઃ એ જ સત્ય છે. કારણ કે પરિણામે તત્ત્વપ્રાપ્તિ અને શાન્તિ એમાંથી જ મળવાનાં

છે. આમાં કોલાહલ જેવી વસ્તુ જ નથી કે જેથી વ્યવહારની અસ્તવ્યવસ્ત સ્થિતિનો ભય રહે. ભક્તની ઘેલછા એ ભક્તની દૃષ્ટિમાં તો શાન્ત અને વ્યવસ્થિત સ્થિતિ છે. મીરાં એ ઘેલછાને, એ અસ્તવ્યસ્તપણાને ઇષ્ટ માને છે; ને તેથી એનાથી જરાયે જગતનું અહિત થતું હોય કે સમાજની અવ્યવસ્થા સંભવતી હોય એમ માનતી જ નથી; અને કોઈ પણ ભક્ત એવું માને જ નહિ. અહીં તો પરમાત્મસ્વરૂપ શ્રીકૃષ્ણચંદ્રના સર્વાત્મપતિભાવમાં સંલગ્ન સંબંધ અને એ મૂલસ્વરૂપની પ્રાપ્તિ એ અમારું ગોપીઓનું મહાસૂત્ર છે. માટે રાણાજી ! મહારાજ ! શાન્ત રહો; ભક્તને સહાય કરો ને પુણ્યશાળી બનો. ભક્તની ઘેલછાને પોષણ આપો અને શીખો કે જગત્‌નાં કીર્તિ અપકીર્તિ જેવાં દ્વંદ્વ શાશ્વત નથી. એમ શીખીને જગતના ઉન્નતિના ક્રમને પોષણ આપો. એ જ પ્રગતિમાં, એ જ માર્ગમાં જતાં આપ પણ ભક્તિને રંગે રંગાશો ને ભક્તસ્વરૂપ બનશો. કલ્યાણ ઇચ્છો ને કલ્યાણ પામશો. માર્ગ કરી આપો ને માર્ગે ચડશો. પોષણ આપો એટલે પોષણ મેળવશો. વધાવો આ ભક્તિની ભાવનાને, મહારાજ ! પૂજો એ પરમકાન્તિ, શ્રીકૃષ્ણચંદ્રના રાસધારી પ્રેમસ્વરૂપને.

**જય શ્રીકૃષ્ણનો ! જય ભક્તિમૈયાનો ! જય ભક્તોનો !**